અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૨૬

## -: પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

... Kitab Downloaded from ...
www.hajinaji.com

• LIKE US ON FACEBOOK •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી.

hajinajitrust@yahoo.com

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૪૬ | સૂર-એ-અહ્કાફ<br>(આયત ૧ થી ૩૫) | ૫ |
| ૪૭ | સૂર-એ-મોહમ્મદ<br>(આયત ૧ થી ૩૮) | ૩૪ |
| ૪૮ | સૂર-એ-ફત્હ<br>(આયત ૧ થી ૨૯) | ૬૦ |
| ૪૯ | સૂર-એ-હોજરાત<br>(આયત ૧ થી ૧૮) | ૮૬ |
| ૫૦ | સૂરએ કાફ<br>(આયત ૧ થી ૪૫) | ૧૦૧ |

| | | |
|---|---|---|
| ૫૧ | સૂરએ ઝારેયાત<br>(આયત ૧ થી ૩૦) | ૧૨૧ |

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

حٰمٓ ①

(૧) હા મીમ

تَنۡزِيۡلُ الۡكِتٰبِ مِنَ اللّٰهِ الۡعَزِيۡزِ الۡحَكِيۡمِ ②

(૨) આ કિતાબ (કુરઆન) ઝબરદસ્ત હિકમતવાળા અલ્લાહ તરફથી ઉતરી છે.

مَا خَلَقۡنَا السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَمَا بَيۡنَهُمَاۤ اِلَّا بِالۡحَقِّ وَاَجَلٍ مُّسَمًّى ؕ وَالَّذِيۡنَ كَفَرُوۡا عَمَّاۤ اُنۡذِرُوۡا مُعۡرِضُوۡنَ ③

(3) અમોએ આસમાનો તથા જમીન અને જે કાંઇ તે બન્નેની વચ્ચે છે તે સઘળું નથી પેદા કર્યું પણ સત્ય હેતુપૂર્વક અને એક નિશ્ચિત સમય માટે; અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેમને જે વસ્તુઓ વડે ડરાવવામાં આવે છે તેનાથી તેઓ મોઢું ફેરવી લે છે.

قُلۡ اَرَءَيۡتُمۡ مَّا تَدۡعُوۡنَ مِنۡ دُوۡنِ اللّٰهِ اَرُوۡنِىۡ مَاذَا خَلَقُوۡا مِنَ
الۡاَرۡضِ اَمۡ لَهُمۡ شِرۡكٌ فِى السَّمٰوٰتِؕ اِيۡتُوۡنِىۡ بِكِتٰبٍ مِّنۡ
قَبۡلِ هٰذَاۤ اَوۡ اَثٰرَةٍ مِّنۡ عِلۡمٍ اِنۡ كُنۡتُمۡ صٰدِقِيۡنَ‏ ﴿۴﴾

(૪) (અય રસૂલ !) તું કહે કે ભલા તમોએ વિચાર પણ કર્યો કે જે વસ્તુઓને તમે અલ્લાહના સિવાય

પોકારો છો ? મને દેખાડો કે તેમણે જમીનમાં શું ઉત્પન્ન કર્યું છે, અથવા તેમણે આસમાનો (ના સર્જન)માં પણ કાંઇ ભાગ લીધો છે ? અગર તમે (તમારા દાવામાં) સાચા છો તો આ (કુરઆન) પહેલાંની એકાદ કિતાબ અથવા જ્ઞાનથી ભરેલું કોઇ કથન મારી પાસે લઇ આવો.

وَمَنْ اَضَلُّ مِمَّنْ يَّدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَنْ لَّا يَسْتَجِيْبُ لَهٗٓ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ وَهُمْ عَنْ دُعَآىِٕهِمْ غٰفِلُوْنَ ⑤

(૫) અને તેના કરતાં વધારે ગુમરાહ કોણ હશે જે અલ્લાહને છોડી એવાઓને પોકારે કે જે કયામત સુધી તેને જવાબ જ ન આપે, અને તેઓ તે(મુશરીકો)ના પોકારવાથી બેખબર પણ રહે.

وَاِذَا حُشِرَ النَّاسُ كَانُوۡا لَهُمۡ اَعۡدَآءً وَّكَانُوۡا بِعِبَادَتِهِمۡ
كٰفِرِيۡنَ ﴿٦﴾

(૬) અને (કયામતના દિવસે) જ્યારે સઘળાં લોકો ભેગાં કરવામાં આવશે, ત્યારે તેઓ (માઅબૂદો) તેમનાં શત્રુ બની જશે, અને તેમની ઇબાદતનો પણ ઇન્કાર કરશે.

وَاِذَا تُتۡلٰى عَلَيۡهِمۡ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ الَّذِيۡنَ كَفَرُوۡا لِلۡحَقِّ لَمَّا
جَآءَهُمۡ ۙ هٰذَا سِحۡرٌ مُّبِيۡنٌ ﴿٧﴾ؕ

(૭) અને જ્યારે તેમની સામે અમારી સ્પષ્ટ આયતો પઢવામાં આવે છે ત્યારે જે લોકો ઇમાન

નથી લાવ્યા તેઓ તેમની પાસે સત્ય આવ્યું ત્યારે તેના સંબંધમાં કહે છે કે આ તો ખુલ્લો જાદુ છે.

اَمۡ يَقُوۡلُوۡنَ افۡتَرٰىهُ ‌ؕ قُلۡ اِنِ افۡتَرَيۡتُهٗ فَلَا تَمۡلِكُوۡنَ لِىۡ مِنَ اللّٰهِ شَيۡـئًا ‌ؕ هُوَ اَعۡلَمُ بِمَا تُفِيۡضُوۡنَ فِيۡهِ‌ ؕ كَفٰى بِهٖ شَهِيۡدًاۢ بَيۡنِىۡ وَبَيۡنَكُمۡ‌ ؕ وَهُوَ الۡغَفُوۡرُ الرَّحِيۡمُ ﴿۸﴾

(૮) શું તેઓ એમ કહે છે કે આ (કુરઆન)ને (રસૂલે) પોતે ઘડી કાઢ્યું છે ? (અય રસૂલ !) તું કહે કે જો મેં તે મારા તરફથી ઘડી કાઢ્યું હોય તો પણ તમે અલ્લાહની સામે મારા કોઇ કામમાં નહિ આવો; જે જે વાતો તે (કુરઆન)ના સંબંધી તમે ઉડાડો છો તેનાથી તે સારી રીતે વાકેફ છે; મારી

તથા તમારી વચ્ચે સાક્ષી આપવા માટે એજ (અલ્લાહ) પૂરતો છે; અને તે સૌથી મોટો માફ કરનાર (અને) રહેમ કરનારો છે.

قُلْ مَا كُنتُ بِدْعًا مِّنَ الرُّسُلِ وَمَآ أَدْرِىْ مَا يُفْعَلُ بِىْ وَلَا
بِكُمْ ۖ إِنْ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰٓ إِلَىَّ وَمَآ أَنَا۠ إِلَّا نَذِيرٌ مُّبِينٌ ⑨

(૯) તું કહે કે હું રસૂલોમાંથી એક નવો (અને પહેલોજ રસૂલ) નથી, અને હું એ પણ નથી જાણતો કે મારી સાથે કેમ વર્તવામાં આવશે, અને ન આ કે તમારી સાથે કેમ વર્તવામાં આવશે; હું તો માત્ર મારા તરફ જે વહી કરવામાં આવે છે તેનુંજ અનુકરણ કરૂં છું, અને હું તો માત્ર એક ખુલ્લો ડરાવનારો છું.

قُلۡ اَرَءَيۡتُمۡ اِنۡ كَانَ مِنۡ عِنۡدِ اللّٰهِ وَ كَفَرۡتُمۡ بِهٖ وَشَهِدَ شَاهِدٌ
مِّنۡۢ بَنِىۡۤ اِسۡرَآءِيۡلَ عَلٰى مِثۡلِهٖ فَاٰمَنَ وَاسۡتَكۡبَرۡتُمۡ ؕ اِنَّ اللّٰهَ لَا
يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿۱۰﴾

(૧૦) તું કહે કે ભલા તમોએ આ (વાત)માં પણ વિચાર કર્યો કે જો આ (કુરઆન) અલ્લાહના તરફથી હોય અને (છતાં) તમે તેનો ઇન્કાર કરો, અને વળી બની ઇસરાઇલમાંથી એક સાક્ષીએ એવા એક (પુસ્તકના પ્રગટ થવાની) સાક્ષી પણ આપી હોય, અને તે ઇમાન પણ લાવ્યો હોય, તે છતાં તમે સરકશ (નાફરમાન અવજ્ઞાકારી) બની રહ્યા હો (તો તમારા ઝાલિમ હોવામાં સંદેહ જ શો

છે)? બેશક અલ્લાહ ઝુલમગાર લોકોની રાહબરી કરતો નથી.

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلَّذِيْنَ اٰمَنُوْا لَوْ كَانَ خَيْرًا مَّا سَبَقُوْنَآ اِلَيْهِ ؕ وَاِذْ لَمْ يَهْتَدُوْا بِهٖ فَسَيَقُوْلُوْنَ هٰذَآ اِفْكٌ قَدِيْمٌ ⑪

(૧૧) અને નાસ્તિકો ઇમાનદારોના સંબંધમાં કહે છે કે આ (રસૂલ જે કાંઇ લાવ્યો છે તે) સારૂં હોત તો આ લોકો તેના તરફ અમારાથી પહેલ કરતે નહિ; અને કારણ કે તેઓ તે (કુરઆન) વડે હિદાયત મેળવવા ઇચ્છતા નથી એટલે તેઓ એજ કહેશે કે આ તો પ્રાચીન વખતનું જૂઠાણું છે.

وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰٓى اِمَامًا وَّرَحْمَةً ؕ وَهٰذَا كِتٰبٌ مُّصَدِّقٌ

لِّسَانًا عَرَبِيًّا لِّيُنْذِرَ الَّذِيْنَ ظَلَمُوْا ۖ وَبُشْرٰى لِلْمُحْسِنِيْنَ ﴿١٢﴾

(૧૨) અને આ (કુરઆન ઉતરવા) પહેલાં મૂસાની કિતાબ (પ્રગટ થઇ ચૂકી હતી કે જે) માર્ગદર્શક અને રહેમત હતી; અને આ અરબી ભાષામાં (હોઇ મૂસાની કિતાબની) સત્યતા (ને સમર્થન) આપનારી છે કે જેથી જે લોકો ઝુલમગાર છે તેમને (અલ્લાહના અઝાબથી) ડરાવે, અને નેકી કરનારાઓને ખુશખબર આપે.

اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا فَلَا خَوْفٌ عَلَيْهِمْ

وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١٣﴾

(૧૩) બેશક જે લોકો એમ કહે છે કે અમારો પરવરદિગાર અલ્લાહ છે, પછી એ (માન્યતા) ઉપર મક્કમ રહે છે, તો તેમને ન તો કાંઇ ભય રહેશે અને ન તો તેઓ ઉદાસ થશે.

أُولَٰٓئِكَ أَصْحَٰبُ ٱلْجَنَّةِ خَٰلِدِينَ فِيهَا جَزَآءًۢ بِمَا كَانُوا۟ يَعْمَلُونَ ⑭

(૧૪) એજ લોકો જન્નતી છે, તેમાં તેઓ હંમેશના રહેનારા છે; આ બદલો તેઓ જે (સારા) કાર્યો કરતા હતા તેનો છે.

وَوَصَّيْنَا ٱلْإِنسَٰنَ بِوَٰلِدَيْهِ إِحْسَٰنًا ۖ حَمَلَتْهُ أُمُّهُۥ كُرْهًا وَوَضَعَتْهُ كُرْهًا ۖ وَحَمْلُهُۥ وَفِصَٰلُهُۥ ثَلَٰثُونَ شَهْرًا ۚ حَتَّىٰٓ إِذَا بَلَغَ

اَشُدَّهٗ وَبَلَغَ اَرۡبَعِيۡنَ سَنَةً ۙ قَالَ رَبِّ اَوۡزِعۡنِىۡۤ اَنۡ اَشۡكُرَ
نِعۡمَتَكَ الَّتِىۡۤ اَنۡعَمۡتَ عَلَىَّ وَعَلٰى وَالِدَىَّ وَاَنۡ اَعۡمَلَ صَالِحًا
تَرۡضٰٮهُ وَاَصۡلِحۡ لِىۡ فِىۡ ذُرِّيَّتِىۡ ‌ؕ اِنِّىۡ تُبۡتُ اِلَيۡكَ وَاِنِّىۡ مِنَ
الۡمُسۡلِمِيۡنَ‏ ﴿۱۵﴾

(૧૫) અને અમોએ ઈન્સાનને તેના માતાપિતાના સંબંધમાં ઉપકાર (ભલાઇ) કરવાનો હુકમ આપ્યો છે; (કારણ કે) તેની માએ તેને તકલીફ સાથે ગર્ભાશયમાં રાખ્યો, અને (વળી) તકલીફ સાથે તેને જણ્યો; અને તેના ગર્ભ(માં રહેવા)ની તથા દૂધ છોડાવવા (સુધી)ની મુદ્દત ત્રીસ મહિના થઇ; અહીં સુધી કે જ્યારે તે પોતાની પૂરેપૂરી શક્તિએ પહોંચી

ગયો અને ચાલીસ વર્ષની વયે પહોંચ્યો ત્યારે તેણે અરજ કરી કે અય મારા પરવરદિગાર! મને એવી પ્રેરણા આપ કે હું તારી તે બક્ષિશોનો આભાર માનું કે જે તેં મારા પર તથા મારા માતાપિતા પર કરી છે, અને હું કોઇ એવું સારૂ કાર્ય કરૂં કે જે તને પસંદ પડે, અને મારા માટે મારી ઓલાદમાં સદાચારીઓ પેદા કરી દે; બેશક હું તારી હજૂરમાં રજૂ થાઉં છું, અને બેશક હું આજ્ઞાપાલકો માંનો છું.

أُولَٰٓئِكَ الَّذِيْنَ نَتَقَبَّلُ عَنْهُمْ اَحْسَنَ مَا عَمِلُوْا وَنَتَجَاوَزُ عَنْ سَيِّاٰتِهِمْ فِيْٓ اَصْحٰبِ الْجَنَّةِ ۭ وَعْدَ الصِّدْقِ الَّذِيْ كَانُوْا يُوْعَدُوْنَ ﴿١٦﴾

(૧૬) જન્નતીઓ માંના આ એજ લોકો છે કે તેમણે જે જે સત્કાર્યો કર્યા છે તે અમે કબૂલ કરી લઇશું; અને તેમના દુરાચારોથી અમે દરગુજર કરીશું; (આ) સાચો વાયદો છે જે તેમનાથી (દુનિયામાં) કરવામાં આવ્યો હતો.

وَالَّذِىۡ قَالَ لِوَالِدَيۡهِ اُفٍّ لَّـكُمَاۤ اَتَعِدٰنِنِىۡۤ اَنۡ اُخۡرَجَ وَقَدۡ خَلَتِ الۡقُرُوۡنُ مِنۡ قَبۡلِىۡۚ وَهُمَا يَسۡتَغِيۡثٰنِ اللّٰهَ وَيۡلَكَ اٰمِنۡ ۖ اِنَّ وَعۡدَ اللّٰهِ حَقٌّ ۖۚ فَيَقُوۡلُ مَا هٰذَاۤ اِلَّاۤ اَسَاطِيۡرُ الۡاَوَّلِيۡنَ‏ ﴿۱۷﴾

(૧૭) અને તે શખ્સ કે જેણે (પોતાના) માબાપને કહ્યું કે મને તો તમારા પ્રત્યે નફરત છે; શું તમે બન્ને મને એ (વાતથી) ડરાવો છો કે હું કબરમાંથી

(પાછો) કાઢવામાં આવીશ ? જો કે મારી પહેલાં ઘણી પેઢીઓ પસાર થઇ ગઇ છે (પણ કોઇ પાછી જીવતી થઇ નથી); અને બન્ને (મા બાપ) એ અલ્લાહ પાસે ફરિયાદ કરી મદદ માંગતા તેને કહેતા હતા કે અફસોસ તારી હાલત પર ! તું ઇમાન લઇ આવ, બેશક અલ્લાહનો વાયદો સાચો છે, પરંતુ તે એજ કહેતો રહ્યો કે એ તો કેવળ આગલાઓની કહાણીઓ છે.

أُولَٰٓئِكَ الَّذِيْنَ حَقَّ عَلَيْهِمُ الْقَوْلُ فِيْٓ اُمَمٍ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِمْ مِّنَ الْجِنِّ وَالْاِنْسِ ؕ اِنَّهُمْ كَانُوْا خٰسِرِيْنَ ﴿١٨﴾

(૧૮) આ એજ લોકો છે કે જેમના ઉપર શિક્ષાનું વચન સિદ્ધ થઇ ચૂક્યું છે, તેમની અગાઉ થઇ

ગએલી જિન્નાતો અને ઇન્સાનોની ઉમ્મતોની જેમ; બેશક તેઓ હતા જ નુકસાન પામનારા.

وَلِكُلٍّ دَرَجٰتٌ مِّمَّا عَمِلُوْا ۚ وَلِيُوَفِّيَهُمْ اَعْمَالَهُمْ وَهُمْ لَا يُظْلَمُوْنَ ⑲

(૧૯) અને દરેક માટે તેમના કર્મોના પ્રમાણમાં દરજ્જા છે અને તે એ માટે કે અલ્લાહ તેમના કાર્યોનો પૂરેપૂરો બદલો આપે અને તેમના પર કાંઇ જુલમ કરવામાં ન આવે.

وَيَوْمَ يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَذْهَبْتُمْ طَيِّبٰتِكُمْ فِيْ حَيَاتِكُمُ الدُّنْيَا وَاسْتَمْتَعْتُمْ بِهَا ۚ فَالْيَوْمَ تُجْزَوْنَ

عَذَابَ الْهُوْنِ بِمَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ
وَبِمَا كُنْتُمْ تَفْسُقُوْنَ ﴿٢٠﴾

(૨૦) અને જે દિવસે તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા જહન્નમ સમક્ષ લાવવામાં આવશે ત્યારે (તેમને કહેવામાં આવશે કે) તમે સંસારી જિંદગીમાં તો તમારા ભાગની સારી વસ્તુઓ લઇ ચૂક્યા, અને તેનો લાભ પણ મેળવી ચૂક્યા, અને તમે જમીનમાં વિના કારણે મગરૂર રહેતા હતા તથા તમે અત્યાચાર કર્યા કરતા હતા તે કારણે આજે તમને હીણપતભર્યા અઝાબનો બદલો આપવામાં આવે છે.

وَاذْكُرْ اَخَا عَادٍ ۭ اِذْ اَنْذَرَ قَوْمَهٗ بِالْاَحْقَافِ وَقَدْ خَلَتِ النُّذُرُ
مِنْۢ بَيْنِ يَدَيْهِ وَمِنْ خَلْفِهٖٓ اَلَّا تَعْبُدُوْٓا اِلَّا اللّٰهَ ۭ اِنِّىْٓ اَخَافُ
عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ۝٢١

(૨૧) (અય રસૂલ !) આદ (ની કોમ)ના ભાઇ (હૂદ)ને યાદ કર; જ્યારે તેણે પોતાની કોમને અહકાફ (ના રેતાળ પ્રદેશ)માં ડરાવ્યા, જો કે તેની આગળના તથા પછી બીજા પણ ડરાવનારા આવી ચૂક્યા હતા, (એમ કહીને કે) તમે લોકો અલ્લાહના સિવાય બીજા કોઇની ઇબાદત કરો નહિ; બેશક મને તમારા માટે મહાન દિવસના અઝાબનો અંદેશો છે.

قَالُوْٓا اَجِئْتَنَا لِتَاْفِكَنَا عَنْ اٰلِهَتِنَا ۚ فَاْتِنَا بِمَا تَعِدُنَآ اِنْ

كُنْتَ مِنَ الصّٰدِقِيْنَ ﴿٢٢﴾

(૨૨) તેમણે કહ્યું શું તું એ માટે આવ્યો છે કે અમને અમારા માઅબૂદોથી ફેરવી નાખે ? માટે જો તું સાચાઓ માંનો હોય તો જે વસ્તુથી અમને ડરાવે છે તે અમારા પર લઇ આવ.

قَالَ اِنَّمَا الْعِلْمُ عِنْدَ اللّٰهِ ۖ وَاُبَلِّغُكُمْ مَّآ اُرْسِلْتُ بِهٖ وَلٰكِنِّيْٓ

اَرٰىكُمْ قَوْمًا تَجْهَلُوْنَ ﴿٢٣﴾

(૨૩) તેણે ફરમાવ્યું કે તે (નું) જ્ઞાન તો અલ્લાહ પાસે છે, અને હું તો જે સંદેશા સાથે મોકલવામાં

આવ્યો છું તેજ પહોંચાડી રહ્યો છું, પરંતુ હું જોઉં છું કે તમે (તદ્દન) અજ્ઞાની લોકો છો.

فَلَمَّا رَاَوۡهُ عَارِضًا مُّسۡتَقۡبِلَ اَوۡدِيَتِهِمۡ ۙ قَالُوۡا هٰذَا عَارِضٌ مُّمۡطِرُنَا ؕ بَلۡ هُوَ مَا اسۡتَعۡجَلۡتُمۡ بِهٖ ؕ رِيۡحٌ فِيۡهَا عَذَابٌ اَلِيۡمٌ ۙ﴿۲۴﴾

(૨૪) પછી જ્યારે તેમણે પોતાના મેદાનો તરફ તે (અઝાબ)ને એક વાદળના આકારમાં આવતાં જોયો ત્યારે તેઓ કહેવા લાગ્યા કે આ એક વાદળ છે કે જે અમારા પર વરસાદ વરસાવશે; (ત્યારે હૂદે ફરમાવ્યું, ના) બલ્કે એ તો તે (અઝાબ) છે કે જેના

માટે તમે ઉતાવળ કર્યા કરતા હતા; (યાને) એક વાવાઝોડું છે જેમાં દર્દભર્યો અઝાબ છે:

تُدَمِّرُ كُلَّ شَیۡءٍۭ بِاَمۡرِ رَبِّهَا فَاَصۡبَحُوۡا لَا یُرٰۤی اِلَّا مَسٰكِنُهُمۡ ؕ كَذٰلِكَ نَجۡزِی الۡقَوۡمَ الۡمُجۡرِمِیۡنَ ﴿۲۵﴾

(૨૫) તે પોતાના પરવરદિગારની આજ્ઞાથી દરેક વસ્તુનો નાશ કરી નાખશે; પછી તેઓ એકાએક એવા થઇ ગયા કે તેમના (ખાલી) મકાન જ મકાન નજરે પડતા હતા. અમે ગુનેહગારોને એવીજ રીતે બદલો આપ્યા કરીએ છીએ.

وَلَقَدۡ مَكَّنّٰهُمۡ فِیۡمَاۤ اِنۡ مَّكَّنّٰكُمۡ فِیۡهِ وَجَعَلۡنَا لَهُمۡ سَمۡعًا وَّاَبۡصَارًا وَّاَفۡـِٕدَةً ۖ فَمَاۤ اَغۡنٰی عَنۡهُمۡ سَمۡعُهُمۡ وَلَاۤ اَبۡصَارُهُمۡ

وَلَآ اَفۡـِٕدَتُهُمۡ مِّنۡ شَىۡءٍ اِذۡ كَانُوۡا يَجۡحَدُوۡنَ ۙ بِاٰيٰتِ اللّٰهِ وَحَاقَ
بِهِمۡ مَّا كَانُوۡا بِهٖ يَسۡتَهۡزِءُوۡنَ ﴿۲۶﴾

(૨૬) અને ખરેજ અમોએ તેમને તે (ભૂમી)માં સ્થાયી કરીને એવા સમર્થ બનાવી દીધા હતા કે તેવા સમર્થ તમને તેમાં નથી બનાવ્યા, અને અમોએ તેમને પણ કાન તથા આંખો તથા દિલો આપ્યા હતા, પછી જ્યારે તેઓ અલ્લાહની નિશાનીઓનો ઇન્કાર કરવા લાગ્યા ત્યારે ન તેમના કાન કામમાં આવ્યા અને ન તેમની આંખો અને ન તેમના દિલો અને જે (અઝાબ)ની તેઓ હાંસી ઉડાડતા હતા તેણેજ તેમને ઘેરી લીધા.

وَلَقَدْ اَهْلَكْنَا مَا حَوْلَكُمْ مِّنَ الْقُرٰى وَصَرَّفْنَا الْاٰيٰتِ لَعَلَّهُمْ

يَرْجِعُوْنَ ﴿٢٧﴾

(૨૭) અને (અય મક્કાવાસીઓ !) ખરેજ અમોએ તમારી આજુબાજુની વસ્તીઓનો નાશ કર્યો, અને તે(ને લગતી) આયતો અમે વારંવાર વર્ણવતા રહીએ છીએ કે કદાચને તેઓ (સન્માર્ગે) પાછા ફરે.

فَلَوْلَا نَصَرَهُمُ الَّذِيْنَ اتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ قُرْبَانًا اٰلِهَةً ؕ بَلْ

ضَلُّوْا عَنْهُمْ ۚ وَذٰلِكَ اِفْكُهُمْ وَمَا كَانُوْا يَفْتَرُوْنَ ﴿٢٨﴾

(૨૮) પછી તેમણે કે જેમને તેઓએ અલ્લાહના સિવાય નજદીકી મેળવવાના હેતુથી માઅબૂદો બનાવી લીધા હતા તેમની સહાય કેમ ન કરી ?

બલ્કે તેઓ તો તેમનાથી અદ્રશ્ય થઇ ગયા, અને આજ તેમનું અસત્ય તથા તેમની ઉપજાવી કાઢેલી (હકીકત) છે.

وَاِذْ صَرَفْنَآ اِلَيْكَ نَفَرًا مِّنَ الْجِنِّ يَسْتَمِعُوْنَ الْقُرْاٰنَ ۚ فَلَمَّا حَضَرُوْهُ قَالُوْٓا اَنْصِتُوْا ۚ فَلَمَّا قُضِىَ وَلَّوْا اِلٰى قَوْمِهِمْ مُّنْذِرِيْنَ ﴿٢٩﴾

(૨૯) અને (તે સમયને યાદ કર) જ્યારે અમોએ જિન્નાતોના એક ટોળાંને તારી તરફ તારૂં કુરઆનનું વાંચન ધ્યાનપૂર્વક સાંભળવા માટે આકર્ષ્યું હતું, પછી જ્યારે તેઓએ તે સાંભળવા હાજર થયા તો એક બીજાને કહેવા લાગ્યા કે ખામોશ રહો; પછી

જ્યારે તે પુરૂં થઇ ચૂક્યું ત્યારે તેઓ (અલ્લાહની શિક્ષાથી) ડરાવનારા બની પોતાની કોમમાં પાછા ગયા.

قَالُوْا يٰقَوْمَنَآ اِنَّا سَمِعْنَا كِتٰبًا اُنْزِلَ مِنْۢ بَعْدِ مُوْسٰى مُصَدِّقًا
لِّمَا بَيْنَ يَدَيْهِ يَهْدِيْٓ اِلَى الْحَقِّ وَاِلٰى طَرِيْقٍ مُّسْتَقِيْمٍ ﴿٣٠﴾

(30) (અને ત્યાં જઇ) કહેવા લાગ્યા કે અય અમારી કોમ ! અમે એક એવી કિતાબ સાંભળીને આવ્યા છીએ કે જે મૂસાની પછી ઉતારવામાં આવી છે, જે તેની આગળની કિતાબની સચ્ચાઇ (ને સમર્થન) આપનારી છે, અને સત્યતા તરફ તથા સન્માર્ગ તરફ હિદાયત કરનારી છે.

يٰقَوْمَنَآ اَجِيْبُوْا دَاعِيَ اللّٰهِ وَاٰمِنُوْا بِهٖ يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ
وَيُجِرْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ ۝٣١

(૩૧) અય અમારી કોમ ! અલ્લાહના તરફ બોલાવનારની વાત માનો અને તેના પર ઇમાન લઇ આવો; અલ્લાહ તમારા ગુનાહ માફ કરી દેશે અને તમને દુ:ખદાયક અઝાબથી ઉગારી લેશે.

وَمَنْ لَّا يُجِبْ دَاعِيَ اللّٰهِ فَلَيْسَ بِمُعْجِزٍ فِي الْاَرْضِ وَلَيْسَ لَهٗ
مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءُ ؕ اُولٰٓئِكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ۝٣٢

(૩૨) અને જે શખસ અલ્લાહના તરફ બોલાવનારની વાત નહિ માને તે જમીનમાં (તેને) હરગિજ લાચાર બનાવી નહિ શકે, અને તે

(અલ્લાહ)ના સિવાય તેનો કોઇ કાર્યસાધક થશે નહિ; એજ લોકો છે કે જે ખુલ્લી ગુમરાહીમાં છે.

اَوَلَمۡ يَرَوۡا اَنَّ اللّٰهَ الَّذِىۡ خَلَقَ السَّمٰوٰتِ وَالۡاَرۡضَ وَلَمۡ يَعۡىَ بِخَلۡقِهِنَّ بِقٰدِرٍ عَلٰٓى اَنۡ يُّحۡـِىَ الۡمَوۡتٰى‌ؕ بَلٰٓى اِنَّهٗ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ۝٣٣

(33) શું તેમણે આ નથી વિચાર્યું કે અલ્લાહ કે જેણે આસમાનો તથા જમીનોને પેદા કર્યાં છે, અને તેના પેદા કરવાથી (મુદ્દલ) થાક્યો નહિ, એજ અલ્લાહ મુડદાઓને પણ સજીવન કરી દેવાનો કાબૂ ધરાવે છે?

وَيَوْمَ يُعْرَضُ الَّذِيْنَ كَفَرُوْا عَلَى النَّارِ ؕ اَلَيْسَ هٰذَا بِالْحَقِّ ؕ
قَالُوْا بَلٰى وَرَبِّنَا ؕ قَالَ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ
تَكْفُرُوْنَ ﴿٣٤﴾

(૩૪) અને જે દિવસે તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા જહન્નમ સમક્ષ લાવવામાં આવશે, (અને તેમને કહેવામાં આવશે કે) શું આ સત્ય નથી ? ત્યારે કહેશે કે અમારા પરવરદિગારની કસમ ! આ ખરેખર (સત્ય) છે; ફરમાવશે કે તમે ઇન્કાર કર્યા કરતા હતા તે કારણે હવે અઝાબની મજા ચાખો.

فَاصْبِرْ كَمَا صَبَرَ أُولُوا الْعَزْمِ مِنَ الرُّسُلِ وَلَا تَسْتَعْجِلْ
لَّهُمْ ۚ كَأَنَّهُمْ يَوْمَ يَرَوْنَ مَا يُوعَدُونَ لَمْ يَلْبَثُوا إِلَّا سَاعَةً
مِّن نَّهَارٍ ۚ بَلَاغٌ ۚ فَهَلْ يُهْلَكُ إِلَّا الْقَوْمُ الْفَاسِقُونَ ﴿٣٥﴾

(૩૫) માટે (અય રસૂલ !) તું પણ એવીજ ધીરજ ધર જેવી કે રસૂલોમાંથી ઉલુલ અઝમ (મહા હિમ્મતવાળા) રસૂલોએ ધરી હતી, અને તેમના માટે (અઝાબની) ઉતાવળ ન કર; જે દિવસે આ લોકો તે (અઝાબ)ને નિહાળશે કે જેનો તેમને વાયદો કરવામાં આવે છે ત્યારે તેમને એવું લાગશે કે દિવસના એક કલાક કરતાં વધુ (સમય) તેઓ દુનિયામાં થોભ્યા ન હતા; (અય રસૂલ !) તારો

(સંદેશો) પહોંચાડવો જ બસ છે. શું નાફરમાન લોકો સિવાય અન્ય કોઇ નાશ પામશે?

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

اَلَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡا عَنۡ سَبِيۡلِ اللّٰهِ اَضَلَّ اَعۡمَالَهُمۡ ①

(૧) જે લોકો ઇમાન લાવ્યા નથી અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવ્યા છે તેમના કર્મો તે (અલ્લાહ) રદ કરી નાખશે.

وَالَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَاٰمَنُوۡا بِمَا نُزِّلَ عَلٰى مُحَمَّدٍ
وَّهُوَ الۡحَـقُّ مِنۡ رَّبِّهِمۡ‌ۙ كَفَّرَ عَنۡهُمۡ سَيِّاٰتِهِمۡ وَاَصۡلَحَ بَالَهُمۡ ②

(૨) અને જે લોકો ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા તથા મોહમ્મદ (સ.) પર જે કાંઇ ઉતારવામાં

આવ્યું છે તેના પર પણ ઇમાન લાવ્યા કે જે (કુરઆન) સત્ય છે, અને જે તેના પરવરદિગાર તરફથી ઉતર્યું છે, તો (અલ્લાહ) તેમનાથી તેમની બદીઓ દૂર કરી દેશે, અને તેમની સ્થિતિ સુધારી દેશે.

ذٰلِكَ بِاَنَّ الَّذِيْنَ كَفَرُوا اتَّبَعُوا الْبَاطِلَ وَاَنَّ الَّذِيْنَ اٰمَنُوا اتَّبَعُوا الْحَقَّ مِنْ رَّبِّهِمْ ؕ كَذٰلِكَ يَضْرِبُ اللّٰهُ لِلنَّاسِ اَمْثَالَهُمْ ۳

(3) આ એ માટે કે જેઓ ઇમાન ન લાવ્યા તેમણે તો અસત્યનું અનુકરણ કર્યું, અને જેઓ ઇમાન લાવ્યા તેમણે ખરેજ પોતાના પરવરદિગાર

તરફના સત્યનું અનુકરણ કર્યું; આવી રીતે અલ્લાહ લોકો (ના સમજવા) માટે તેમનાજ દાખલા વર્ણવે છે.

فَاِذَا لَقِيۡتُمُ الَّذِيۡنَ كَفَرُوۡا فَضَرۡبَ الرِّقَابِ ؕ حَتّٰۤى اِذَاۤ اَثۡخَنۡتُمُوۡهُمۡ فَشُدُّوا الۡوَثَاقَ ۙ فَاِمَّا مَنًّاۢ بَعۡدُ وَاِمَّا فِدَآءً حَتّٰى تَضَعَ الۡحَرۡبُ اَوۡزَارَهَا ۛۚ ذٰ لِكَ ۛؕ وَلَوۡ يَشَآءُ اللّٰهُ لَانۡتَصَرَ مِنۡهُمۡ وَلٰـكِنۡ لِّيَبۡلُوَا۟ بَعۡضَكُمۡ بِبَعۡضٍ ؕ وَالَّذِيۡنَ قُتِلُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ فَلَنۡ يُّضِلَّ اَعۡمَالَهُمۡ ‏﴿۴﴾

(૪) પછી જ્યારે તમે નાસ્તિકોથી લડાઇમાં મુકાબલો કરો તો (તેમની) ગરદનો (બેધડક) ઉડાડી દો; અહીં સુધી કે જ્યારે તમે તેમને સારી

રીતે જેર કરી ચૂકો, તો પછી (તેમને) મુશ્કેટાટ (બંદીવાન) કરી લો, પછી તે બાદ અગર ઉપકાર કરવો હોય (તો તેમને છોડી દો) અથવા ફીદીયો (છુટકારાનો અવેજ) લઇ જતા કરો, જ્યાં સુધી લડાઇમાં (ભાગ લેનારાઓ) પોતાના હથિયાર હેઠા મૂકી દે, એમજ થવું જોઇએ; અને અગર અલ્લાહ ચાહતે તો તે પોતેજ તેમનાથી (પૂરતો) બદલો લઇ લેતે, પરંતુ તમારામાંથી કેટલાકોને કેટલાકોની સામે અજમાવવા માટે (તેમ કર્યું નહી); અને જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા જાય છે તેમના કર્મો તે હરગિજ એળે જવા દેશે નહિ.

سَيَهۡدِيهِمۡ وَيُصۡلِحُ بَالَهُمۡ ۝٥

(૫) તે (અલ્લાહ) જલ્દી જ તેમની રાહબરી કરશે અને તેમની સ્થિતિ સુધારી દેશે.

وَيُدۡخِلُهُمُ ٱلۡجَنَّةَ عَرَّفَهَا لَهُمۡ ٦

(૬) અને તેમને એવી જન્નતમાં દાખલ કરી દેશે કે જેની ઓળખ તેમને (પહેલાંથી) આપી દીધી છે.

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓاْ إِن تَنصُرُواْ ٱللَّهَ يَنصُرۡكُمۡ وَيُثَبِّتۡ أَقۡدَامَكُمۡ ٧

(૭) અય ઇમાન લાવનારાઓ ! અગર તમે અલ્લાહ (ના દીન)ની મદદ કરશો તો તે પણ તમારી મદદ કરશે, અને તમારા પગ જમાવી દેશે.

وَٱلَّذِينَ كَفَرُواْ فَتَعۡسٗا لَّهُمۡ وَأَضَلَّ أَعۡمَٰلَهُمۡ ٨

(૮) અને જે લોકો ઇમાન લાવ્યા નથી તેમના માટે વિનાશ છે, અને તે તેમના કર્મો વ્યર્થ કરી દેશે.

ذٰلِكَ بِاَنَّهُمْ كَرِهُوْا مَآ اَنْزَلَ اللّٰهُ فَاَحْبَطَ اَعْمَالَهُمْ ۞ ٩

(૯) આ એ માટે કે અલ્લાહે જે કાંઇ ઉતાર્યું છે તેનાથી તેમણે તિરસ્કાર કર્યો છે, જેથી તે પણ તેમના કર્મો નિરર્થક કરી નાખશે.

اَفَلَمْ يَسِيْرُوْا فِى الْاَرْضِ فَيَنْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ

مِنْ قَبْلِهِمْ ؕ دَمَّرَ اللّٰهُ عَلَيْهِمْ ۫ وَلِلْكٰفِرِيْنَ اَمْثَالُهَا ۞ ١٠

(૧૦) શું તે લોકો જમીનમાં હર્યા ફર્યા નથી કે તેઓ જોઇ લેતે કે જે લોકો તેમની પહેલાં હતા તેમનો અંત કેવો આવ્યો ? અલ્લાહે તેમનો

સર્વનાશ કરી નાખ્યો અને આ નાસ્તિકોનો પણ તેમના જેવોજ (અંત) આવનાર છે.

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ مَوۡلَى الَّذِيۡنَ اٰمَنُوۡا وَاَنَّ الۡكٰفِرِيۡنَ لَا مَوۡلٰى لَهُمۡ ۝١١

(૧૧) આ એ માટે કે અલ્લાહ તે લોકોનો મદદગાર છે કે જે લોકો ઇમાન લાવ્યા છે, અને આ કે ઇમાન નહિ લાવનારાઓ માટે કોઇ પણ મદદગાર નથી.

اِنَّ اللّٰهَ يُدۡخِلُ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ؕ وَالَّذِيۡنَ كَفَرُوۡا يَتَمَتَّعُوۡنَ وَيَاۡكُلُوۡنَ كَمَا تَاۡكُلُ الۡاَنۡعَامُ وَالنَّارُ مَثۡوًى لَّهُمۡ ۝١٢

(૧૨) બેશક જે લોકો ઇમાન લાવ્યા અને સત્કાર્યો કર્યાં તેમને અલ્લાહ એવી જન્નતોમાં દાખલ કરી દેશે કે જેની હેઠળ નદીઓ વહે છે; અને જે લોકો ઇમાન નથી લાવ્યા તેઓ (આલોકમાંજ) એવી રીતે લાભ મેળવે છે અને એવી રીતે ખાય પીએ છે જેમકે પશુઓ ચરી ખાય છે. અને (પરલોકમાં) તેમનું ઠેકાણું આગ છે.

وَكَاَيِّنۡ مِّنۡ قَرۡيَةٍ هِىَ اَشَدُّ قُوَّةً مِّنۡ قَرۡيَتِكَ الَّتِىۡۤ اَخۡرَجَتۡكَ‌ۚ
اَهۡلَكۡنٰهُمۡ فَلَا نَاصِرَ لَهُمۡ ﴿۱۳﴾

(૧૩) તારી આ વસ્તી કરતાં કે જે (લોક)ઓએ તને કાઢી મૂક્યો છે. ઘણીએ બળવાન વસ્તીઓનો

અમોએ નાશ કરી નાખ્યો. પછી (તે વેળા) તેમનો કોઇજ મદદગાર ઉઠયો નહીં.

أَفَمَنْ كَانَ عَلَىٰ بَيِّنَةٍ مِّنْ رَّبِّهِ كَمَنْ زُيِّنَ لَهُ سُوٓءُ عَمَلِهِ وَاتَّبَعُوٓا أَهْوَآءَهُمْ ﴿١٤﴾

(૧૪) શું તે શખ્સ કે જે પોતાના પરવરદિગાર તરફથી ખુલ્લી દલીલ પર હોય તેના જેવો થઇ શકે છે કે જેની નજરમાં તેના કૃત્યોની બૂરાઇ શોભા પામી ગઇ હોય, અને તેમણે પોતાની મનોવાંછનાઓની તાબેદારી કરી હોય ?

مَثَلُ الْجَنَّةِ الَّتِي وُعِدَ الْمُتَّقُونَ ۖ فِيهَآ أَنْهَٰرٌ مِّن مَّآءٍ غَيْرِ ءَاسِنٍ وَأَنْهَٰرٌ مِّن لَّبَنٍ لَّمْ يَتَغَيَّرْ طَعْمُهُ وَأَنْهَٰرٌ مِّنْ خَمْرٍ لَّذَّةٍ

لِّلشّٰرِبِيْنَ ۚ وَاَنْهٰرٌ مِّنْ عَسَلٍ مُّصَفًّى ؕ وَلَهُمْ فِيْهَا مِنْ كُلِّ
الثَّمَرٰتِ وَمَغْفِرَةٌ مِّنْ رَّبِّهِمْ ؕ كَمَنْ هُوَ خَالِدٌ فِى النَّارِ وَسُقُوْا
مَآءً حَمِيْمًا فَقَطَّعَ اَمْعَآءَهُمْ ﴿۱۵﴾

(૧૫) તે જન્નત કે જેનો પરહેઝગારોને વાયદો કરવામાં આવ્યો છે તે એવી હશે કે તેમાં કેટલીક નહેરો એવી હશે કે જેનું પાણી વાસી થતું નથી. અને કેટલીક નદીઓ એવા દૂધની હશે કે જેનો સ્વાદ બદલાતો નથી, અને કેટલીક નદીઓ એવા પીણાંની હશે કે જે પીનારાઓ માટે (અનહદ) સ્વાદિષ્ટ હશે અને કેટલીક નદીઓ ચોખ્ખા મધની હશે અને તે લોકો માટે તે (જન્નત)માં દરેક

પ્રકારના (સ્વાદિષ્ટ) મેવા હશે, અને તેમના પરવરદિગાર તરફથી (મળનારી) માફી પણ; ભલા (આ પરહેઝગાર લોકો) તે લોકોના જેવા હોઇ શકે છે કે જે હંમેશા જહન્નમમાં રહેશે, અને જેમને એવું ગરમ પાણી પીવડાવવામાં આવશે કે તે તેમના આંતરડાં કાપી નાખશે!

وَمِنْهُمْ مَّنْ يَّسْتَمِعُ اِلَيْكَ ۚ حَتّٰٓى اِذَا خَرَجُوْا مِنْ عِنْدِكَ
قَالُوْا لِلَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ مَاذَا قَالَ اٰنِفًا ۣ اُولٰٓئِكَ الَّذِيْنَ
طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَاتَّبَعُوْٓا اَهْوَآءَهُمْ ﴿١٦﴾

(૧૬) અને (અય રસૂલ !) તેઓમાંથી કોઇ કોઇ એવા પણ છે જે તારી તરફ લક્ષ દઇને સાંભળે છે,

અહીં સુધી કે જ્યારે તારી પાસેથી ઉઠીને ચાલ્યા જાય ત્યારે જે લોકોને (કુરઆનનું) જ્ઞાન આપવામાં આવ્યું છે તે લોકોને કહે છે કે હમણાં આ (રસૂલ)એ શું કહ્યું ? એજ તે લોકો છે કે જેમના દિલો પર અલ્લાહે મહોર મારી દીધી છે, અને તેઓ પોતાની મનોવાંછના મુજબ ચાલે છે.

وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى وَّاٰتٰـهُمْ تَقْوٰىهُمْ ﴿١٧﴾

(૧૭) અને જે લોકો સન્માર્ગને અનુસરે છે તેમની સન્માર્ગની પ્રેરણાને તે (અલ્લાહ) વધુ વધારી દે છે, અને તેમને પરહેઝગારીની પ્રેરણા આપે છે.

فَهَلۡ يَنۡظُرُوۡنَ اِلَّا السَّاعَةَ اَنۡ تَاۡتِيَهُمۡ بَغۡتَةً ۚ فَقَدۡ جَآءَ
اَشۡرَاطُهَا ۚ فَاَنّٰى لَهُمۡ اِذَا جَآءَتۡهُمۡ ذِكۡرٰٮهُمۡ ﴿۱۸﴾

(૧૮) તો શું તેઓ કયામત તેમને ઓચિંતી આવી પકડે તે સિવાય બીજી કોઇ વસ્તુની રાહ જુએ છે? તેના ચિહ્નો તો આવી ચૂક્યા છે, પછી જ્યારે તે (કયામત તેમની સામે) આવી પહોચશે ત્યારે તેમનું સમજવું તેમના શા કામમાં આવશે?

فَاعۡلَمۡ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاسۡتَغۡفِرۡ لِذَنۡۢبِكَ وَلِلۡمُؤۡمِنِيۡنَ
وَالۡمُؤۡمِنٰتِ ؕ وَاللّٰهُ يَعۡلَمُ مُتَقَلَّبَكُمۡ وَمَثۡوٰٮكُمۡ ﴿۱۹﴾

(૧૯) માટે આ સમજી લે કે અલ્લાહના સિવાય કોઇ માઅબૂદ નથી, અને તું તારી (ઉમ્મતના)

ગુનાહોની માફી માટે તથા દરેક મોઅમીન પુરૂષ અને દરેક મોઅમીન સ્ત્રી માટે ક્ષમા માંગ; અને અલ્લાહ તમારા ચાલવા ફરવા અને તમારા રહેઠાણને સારી રીતે જાણે છે.

وَيَقُوْلُ الَّذِيْنَ اٰمَنُوْا لَوْلَا نُزِّلَتْ سُوْرَةٌ ۚ فَاِذَآ اُنْزِلَتْ سُوْرَةٌ مُّحْكَمَةٌ وَّذُكِرَ فِيْهَا الْقِتَالُ ۙ رَاَيْتَ الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ يَّنْظُرُوْنَ اِلَيْكَ نَظَرَ الْمَغْشِيِّ عَلَيْهِ مِنَ الْمَوْتِ ۭ فَاَوْلٰى لَهُمْ ۚ ﴿٢٠﴾

(૨૦) અને જે લોકો ઇમાન લાવ્યા છે તેઓ કહે છે કે (જેહાદને લગતું) કોઇ પ્રકરણ કેમ ઉતારવામાં આવ્યું નથી ? પણ જ્યારે કોઇ સ્પષ્ટ પ્રકરણ

ઉતારવામાં આવે છે અને તેમાં ધર્મયુધ્ધ (જેહાદ)નું વર્ણન પણ કરવામાં આવે છે ત્યારે તું તે લોકોને જુએ છે કે જેમના દિલોમાં (દંભનો) રોગ છે. તેઓ તારી પ્રત્યે એવી દ્રષ્ટિએ નિહાળે છે કે જાણે તેમના ઉપર મૃત્યુની મૂર્છા છવાઇ ગઇ (ન) હોય ! માટે તેમના માટે ખરાબી જ છે.

طَاعَةٌ وَّقَوْلٌ مَّعْرُوْفٌ ۫ فَاِذَا عَزَمَ الْاَمْرُ ۫ فَلَوْ صَدَقُوا اللّٰهَ لَكَانَ خَيْرًا لَّهُمْ ﴿٢١﴾

(૨૧) આજ્ઞાનું પાલન કરવું અને યોગ્ય વાત કહેવી (ઉત્તમ છે), પછી જ્યારે મામલો પાકો થઇ જાય (યાને લડાઇ છેડાઇ જાય) ત્યારે અગર તેઓ

અલ્લાહથી સાચા રહે તો ખરેખર (પરિણામ) તેમના માટે બહેતર થાય.

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِي الْاَرْضِ وَتُقَطِّعُوْٓا اَرْحَامَكُمْ ﴿٢٢﴾

(૨૨) પણ જો તમે સત્તાવાન થઇ જાઓ તો શું આ સંભવીત નથી કે જમીન ઉપર ફસાદ ફેલાવવા લાગી જાઓ, અને કુટુંબીજનો (સાથે)નો સંબંધ તોડી નાખો ?

اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَاَعْمٰٓى اَبْصَارَهُمْ ﴿٢٣﴾

(૨૩) એજ તે લોકો છે કે જેમના પર અલ્લાહે લાનત કરી છે, પછી તેમને બહેરા બનાવી દીધા છે, અને તેમના ચક્ષુઓ આંધળા કર્યા છે.

اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ اَمْ عَلٰى قُلُوْبٍ اَقْفَالُهَا ﴿٢٤﴾

(૨૪) છતાં શું આ લોકો કુરઆન પર ચિંતન નથી કરતા, અથવા શું તેમના દિલો પર તાળાં પડેલાં છે ?

اِنَّ الَّذِيْنَ ارْتَدُّوْا عَلٰٓى اَدْبَارِهِمْ مِّنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ الْهُدَى ۙ الشَّيْطٰنُ سَوَّلَ لَهُمْ ؕ وَاَمْلٰى لَهُمْ ﴿٢٥﴾

(૨૫) બેશક જે લોકો પર હિદાયત જાહેર થઇ ચૂક્યા બાદ પણ તેઓ પોતાના પાછલા પગે

(નાસ્તિકપણાં તરફ) ફરી જાય તો તેમના માટે શેતાન (તેમ કરવું) સહેલું કરી દે છે; અને તે (અલ્લાહ) તેમને મોહલત આપે છે.

ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لِلَّذِيْنَ كَرِهُوْا مَا نَزَّلَ اللّٰهُ سَنُطِيْعُكُمْ فِيْ
بَعْضِ الْاَمْرِ ۚ وَاللّٰهُ يَعْلَمُ اِسْرَارَهُمْ ﴿٢٦﴾

(૨૬) આ એ માટે કે તેઓ (મુનાફીકો) તે (યહૂદી) લોકોને કે જેઓ અલ્લાહના ઉતારેલા (કુરઆન) તરફ અણગમો દર્શાવે છે તેમને કહે છે કે અમે કેટલાક મામલાઓમાં તમારૂં કહ્યું માનીશું, અને અલ્લાહ તેમના ભેદોને સારી રીતે જાણે છે.

فَكَيْفَ اِذَا تَوَفَّتْهُمُ الْمَلٰٓئِكَةُ يَضْرِبُوْنَ وُجُوْهَهُمْ
وَاَدْبَارَهُمْ ﴿٢٧﴾

(૨૭) પણ તે વખતે (તેમની) કેવી દશા થશે કે જ્યારે ફરિશ્તા તેમનો અંત એવી સ્થિતિમાં લાવશે કે તેમના મોઢાં તથા પીઠો પર માર મારતા હશે.

ذٰلِكَ بِاَنَّهُمُ اتَّبَعُوْا مَآ اَسْخَطَ اللّٰهَ وَكَرِهُوْا رِضْوَانَهٗ فَاَحْبَطَ
اَعْمَالَهُمْ ﴿٢٨﴾

(૨૮) આ એ માટે કે તેમણે તે વસ્તુનું અનુકરણ કર્યું કે જે અલ્લાહને નારાઝ કરતી હતી, અને તેની ખુશી તરફ અણગમો દેખાડ્યો, આથી તેણે પણ તેમની કરણીઓને નિરર્થક કરી નાખી.

اَمْ حَسِبَ الَّذِیْنَ فِیْ قُلُوْبِهِمْ مَّرَضٌ اَنْ لَّنْ یُّخْرِجَ اللّٰهُ

اَضْغَانَهُمْ ﴿۲۹﴾

(૨૯) શું તે લોકોએ-કે જેમના મનમાં (દંભનો) રોગ છે - એમ સમજી લીધું છે કે અલ્લાહ તેમના કીનાઓને જાહેર નહિ કરે ?

وَلَوْ نَشَآءُ لَاَرَیْنٰکَهُمْ فَلَعَرَفْتَهُمْ بِسِیْمٰهُمْ ؕ وَلَتَعْرِفَنَّهُمْ

فِیْ لَحْنِ الْقَوْلِ ؕ وَاللّٰهُ یَعْلَمُ اَعْمَالَکُمْ ﴿۳۰﴾

(30) અને જો અમે ચાહીએ તો તે (કીનાખોર) લોકો તને દેખાડી દઇએ, જેથી તું (આપમેળે) તે લોકોને તેમના મોઢાંના ચિહ્નો પરથી પારખી કાઢે; અને તું તેમની વાતચીતની છટા પરથી પણ

તેમને અવશ્ય ઓળખી શકશે; અને અલ્લાહ તમારા કર્મોને સારી રીતે જાણે છે.

وَلَنَبۡلُوَنَّكُمۡ حَتّٰى نَعۡلَمَ الۡمُجٰهِدِيۡنَ مِنۡكُمۡ وَالصّٰبِرِيۡنَ ۙ وَنَبۡلُوَا۟ اَخۡبَارَكُمۡ ﴿۳۱﴾

(૩૧) અને અમે તમારી કસોટી અવશ્ય કરીશું, એટલે સુધી કે તમારામાંથી જેહાદ (ધર્મયુદ્ધ) કરનારાઓ તથા ધૈર્ય ધરનારાઓને અમે સમજી લઇએ, અને તમારી સ્થિતિઓને અજમાવી લઇએ.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡا عَنۡ سَبِيۡلِ اللّٰهِ وَشَآقُّوا الرَّسُوۡلَ مِنۡۢ بَعۡدِ مَا تَبَيَّنَ لَهُمُ الۡهُدٰى ۙ لَنۡ يَّضُرُّوا اللّٰهَ شَيۡـًٔا ؕ وَسَيُحۡبِطُ اَعۡمَالَهُمۡ ﴿۳۲﴾

(૩૨) બેશક જે લોકો ઇમાન નથી લાવ્યા અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવ્યા અને તેમના ઉપર હિદાયત ઉઘડી ચૂકી હતી તે બાદ પણ તેમને રસૂલની વિરૂદ્ધતા કરી તેઓ અલ્લાહનું હરગિજ કાંઇ બગાડશે નહિ; અને તે તેમના કર્મો નજદીકમાંજ નકામા કરી નાખશે.

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَلَا تُبْطِلُوْٓا اَعْمَالَكُمْ ﴿٣٣﴾

(33) અય ઇમાન લાવનારાઓ ! તમે અલ્લાહની આજ્ઞા માનો તથા રસૂલની આજ્ઞા માનો અને તમારા કર્મો નિરર્થક બનાવો નહિ.

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا وَصَدُّوۡا عَنۡ سَبِيۡلِ اللّٰهِ ثُمَّ مَاتُوۡا وَهُمۡ
كُفَّارٌ فَلَنۡ يَّغۡفِرَ اللّٰهُ لَهُمۡ ﴿۳۴﴾

(૩૪) બેશક જે લોકો ઇમાન નથી લાવ્યા અને (લોકોને) અલ્લાહના માર્ગથી અટકાવ્યા, પછી નાસ્તિકપણાંની સ્થિતિમાં જ મરી ગયા તો અલ્લાહ તેમને હરગિજ માફ નહિ કરે.

فَلَا تَهِنُوۡا وَتَدۡعُوۡۤا اِلَى السَّلۡمِ ۖۗ وَاَنۡتُمُ الۡاَعۡلَوۡنَ ۖۗ وَاللّٰهُ
مَعَكُمۡ وَلَنۡ يَّتِرَكُمۡ اَعۡمَالَكُمۡ ﴿۳۵﴾

(૩૫) માટે નરમ થઇ ન જાઓ અને (દુશ્મનો સાથે) સુલેહની માંગણી પણ ન કરો, અને (જાણજો) કે તમેજ સર્વોપરી રહેશો, અને અલ્લાહ

તમારી સાથે છે અને તે તમારા કર્મો હરગિજ વ્યર્થ જવા દેશે નહિ.

إِنَّمَا الْحَيٰوةُ الدُّنْيَا لَعِبٌ وَّلَهْوٌ ۗ وَإِنْ تُؤْمِنُوْا وَتَتَّقُوْا يُؤْتِكُمْ
أُجُوْرَكُمْ وَلَا يَسْـَٔلْكُمْ أَمْوَالَكُمْ ﴿٣٦﴾

(૩૬) આલોકનું જીવન રમતગમત સિવાય કાંઇજ નથી, અને જો તમે ઇમાન લાવશો તથા પરહેઝગાર રહેશો તો તે તમારો બદલો તમને (અવશ્ય) આપશે, અને તે તમારી પાસે તમારી માલ મિલ્કત માંગશે નહિ.

إِنْ يَّسْـَٔلْكُمُوْهَا فَيُحْفِكُمْ تَبْخَلُوْا وَيُخْرِجْ أَضْغَانَكُمْ ﴿٣٧﴾

(૩૭) અગર તે તમારાથી (માલ) માંગે અને તમને (તે આપી દેવા માટે) આગ્રહ કરે તો તમે (જરૂર) કંજૂસાઇ કરશો, અને તે (અલ્લાહ) તમારો કીનો જાહેર કરી દેશે.

هٰٓاَنْتُمْ هٰٓؤُلَآءِ تُدْعَوْنَ لِتُنْفِقُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ ۚ فَمِنْكُمْ مَّنْ
يَّبْخَلُ ۚ وَمَنْ يَّبْخَلْ فَاِنَّمَا يَبْخَلُ عَنْ نَّفْسِهٖ ۭ وَاللّٰهُ الْغَنِيُّ
وَاَنْتُمُ الْفُقَرَاۗءُ ۚ وَاِنْ تَتَوَلَّوْا يَسْتَبْدِلْ قَوْمًا غَيْرَكُمْ ۙ ثُمَّ
لَا يَكُوْنُوْٓا اَمْثَالَكُمْ ۝۳۸

(૩૮) લ્યો સાંભળો પણ છો ? તમે તે છો કે જેમને અલ્લાહની રાહમાં કાંઇ ખર્ચ કરવા માટે બોલાવવામાં આવે છે, પણ તમારામાં કોઇ કોઇ

એવો પણ છે જે કંજૂસાઇ કરે છે, અને જે કંજૂસાઇ કરશે તો તે પોતાની જ જાત માટે કંજૂસાઇ કરશે; અને અલ્લાહ તવંગર છે, અને તમે (તેના) મોહતાજ છો, અને જો તમે (અલ્લાહના હુકમથી) મોઢું ફેરવી લેનારા થઇ જશો તો તે તમારા બદલે બીજા લોકો લઇ આવશે, પછી તેઓ તમારી જેમ (સાંકડા મનના) થશે નહિ.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

اِنَّا فَتَحۡنَا لَکَ فَتۡحًا مُّبِیۡنًا ۙ﴿۱﴾

(૧) (અય રસૂલ ! આ હુદયબીયાની સુલેહ નથી) બલ્કે અમોએ તને વાસ્તવમાં ખુલ્લે ખુલ્લી ફતેહ અર્પણ કરી છે :

لِّیَغۡفِرَ لَکَ اللّٰہُ مَا تَقَدَّمَ مِنۡ ذَنۡۢبِکَ وَ مَا تَاَخَّرَ وَ یُتِمَّ نِعۡمَتَہٗ
عَلَیۡکَ وَ یَہۡدِیَکَ صِرَاطًا مُّسۡتَقِیۡمًا ۙ﴿۲﴾

(૨) કે જેથી અલ્લાહ તારી (ઉમ્મતના) આગલા ગુનાહ માફ કરી દે તેમજ પાછલા પણ, અને પોતાની નેઅમત તારા પર સંપૂર્ણ કરી નાખે, તેમ તને સન્માર્ગ પર સાબિત કદમ રાખે :

وَّيَنۡصُرَكَ اللّٰهُ نَصۡرًا عَزِيۡزًا ۝٣

(3) અને અલ્લાહ ઝબરદસ્ત મદદ વડે તારી મદદ કરે.

هُوَ الَّذِىۡۤ اَنۡزَلَ السَّكِيۡنَةَ فِىۡ قُلُوۡبِ الۡمُؤۡمِنِيۡنَ لِيَزۡدَادُوۡۤا اِيۡمَانًا مَّعَ اِيۡمَانِهِمۡ‌ ؕ وَلِلّٰهِ جُنُوۡدُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ ؕ وَكَانَ اللّٰهُ عَلِيۡمًا حَكِيۡمًا ۝٤

(૪) તે એજ છે જેણે મોઅમીનોના દિલોમાં શાંતવન ઉતાર્યું છે કે જેથી તેમના ઈમાન સાથે વધુ ઈમાન વધે, અને આસમાનો તથા જમીનના લશ્કર અલ્લાહનાં જ છે; અને અલ્લાહ જ જ્ઞાની (અને) હિકમતવાળો છે.

لِّيُدۡخِلَ الۡمُؤۡمِنِيۡنَ وَالۡمُؤۡمِنٰتِ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا وَيُكَفِّرَ عَنۡهُمۡ سَيِّاٰتِهِمۡ ‌ؕ وَكَانَ ذٰ لِكَ عِنۡدَ اللّٰهِ فَوۡزًا عَظِيۡمًا ۙ‏ ﴿۵﴾

(૫) આ એ માટે કે મોઅમીન પુરૂષો તથા મોઅમીન સ્ત્રીઓને જન્નતમાં દાખલ કરે જેમની હેઠળ નદીઓ વહે છે, જેમાં (તેઓ) હંમેશા રહેવાસી

બને અને તેમનાથી તેમની બદીઓ દૂર કરે; અને અલ્લાહની પાસે એજ મહાન સફળતા છે.

وَّيُعَذِّبَ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ وَالْمُشْرِكِيْنَ وَالْمُشْرِكٰتِ
الظَّآنِّيْنَ بِاللّٰهِ ظَنَّ السَّوْءِ ؕ عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ ۚ وَغَضِبَ
اللّٰهُ عَلَيْهِمْ وَلَعَنَهُمْ وَاَعَدَّ لَهُمْ جَهَنَّمَ ؕ وَسَآءَتْ مَصِيْرًا (6)

(૬) અને દાંભિક પુરૂષો તથા દાંભિક સ્ત્રીઓ અને મુશરીક પુરૂષો તથા સ્ત્રીઓ કે જેઓ અલ્લાહના સંબંધમાં બદગુમાન કર્યા કરે છે તેમને શિક્ષા આપે. એમના ઉપરજ કાળચક્ર આવી પડશે, અને અલ્લાહ તેમના પર કોપાયમાન છે તથા તેમના પર લાનત કરી છે અને તેમના માટે જહન્નમ

તૈયાર કરી રાખી છે; અને (તે) ઘણુંજ બૂરૂં રહેઠાણ છે.

وَلِلّٰهِ جُنُوْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ۝۷

(૭) અને આસમાનો તથા જમીનના (સઘળાં) લશ્કર અલ્લાહનાં જ છે; અને અલ્લાહ ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيْرًا ۝۸ۙ

(૮) (અય રસૂલ !) બેશક અમોએ તને સાક્ષી આપનાર તથા ખુશખબર આપનાર તથા ડરાવનાર બનાવી મોકલ્યો છે :

لِّتُؤۡمِنُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ وَتُعَزِّرُوۡهُ وَتُوَقِّرُوۡهُ ؕ وَتُسَبِّحُوۡهُ بُكۡرَةً
وَّاَصِيۡلًا ﴿۹﴾

(૯) એ માટે કે તમે લોકો અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન લાવો, અને તેની સહાય કરો તથા તેનું આદરમાન કરો; તેમ સવાર સાંજ તે (અલ્લાહ)ની પવિત્રતા વર્ણવો.

اِنَّ الَّذِيۡنَ يُبَايِعُوۡنَكَ اِنَّمَا يُبَايِعُوۡنَ اللّٰهَ ؕ يَدُ اللّٰهِ فَوۡقَ
اَيۡدِيۡهِمۡ ۚ فَمَنۡ نَّكَثَ فَاِنَّمَا يَنۡكُثُ عَلٰى نَفۡسِهٖ ۚ وَمَنۡ اَوۡفٰى بِمَا
عٰهَدَ عَلَيۡهُ اللّٰهَ فَسَيُؤۡتِيۡهِ اَجۡرًا عَظِيۡمًا ﴿۱۰﴾

(૧૦) (અય રસૂલ !) જે લોકો (હુદયબીયાની સંધી વખતે) તારાથી બયઅત (તારા હાથ પર હાથ

રાખી પ્રતિજ્ઞા) કરે છે, તેઓ (વાસ્તવમાં) અલ્લાહથી જ બયઅત કરે છે, તેમના હાથો પર અલ્લાહનો હાથ છે, પછી જે પ્રતિજ્ઞાનો ભંગ કરે તો તે પોતાની જ જાતની હાનિ માટે ભંગ કરશે, અને જે અલ્લાહની સાથે કરેલા વચનને પૂર્ણ કરશે તો નજીકમાં જ તે તેમને મોટો બદલો આપશે.

سَيَقُوْلُ لَكَ الْمُخَلَّفُوْنَ مِنَ الْاَعْرَابِ شَغَلَتْنَآ اَمْوَالُنَا
وَاَهْلُوْنَا فَاسْتَغْفِرْ لَنَا ۚ يَقُوْلُوْنَ بِاَلْسِنَتِهِمْ مَّا لَيْسَ فِيْ
قُلُوْبِهِمْ ؕ قُلْ فَمَنْ يَّمْلِكُ لَكُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا اِنْ اَرَادَ بِكُمْ
ضَرًّا اَوْ اَرَادَ بِكُمْ نَفْعًا ؕ بَلْ كَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا ⑪

(૧૧) પાસે છે કે બદદુઓમાંથી જેઓ (હુદયબીયાથી) પાછળ રહી ગયા હતા તેઓ તને આ કહેશે કે અમારા માલ તથા અમારા બાલબચ્ચાંઓની સંભાળમાં રોકાઇ ગયા હતા માટે તું અમારા માટે ક્ષમા (ની દુઆ) માંગ; તેઓ તેમની જીભે જે કહે છે તે તેમના મનમાં નથી; (અય રસૂલ!) તું કહે કે અગર અલ્લાહ તમારા સંબધમાં કાંઇ નુકસાન ચાહે અથવા તમારા સંબંધમાં કાંઇ નફો ચાહે તો તેની આગળ એવો કોણ છે કે જેનો તમારી ખાતર કાંઇ બસ ચાલી શકે ? બલ્કે તમે જે કર્મો કરો છો તેનાથી અલ્લાહ વાકેફ છે.

بَلْ ظَنَنْتُمْ اَنْ لَّنْ يَّنْقَلِبَ الرَّسُوْلُ وَالْمُؤْمِنُوْنَ اِلٰۤى
اَهْلِيْهِمْ اَبَدًا وَّزُيِّنَ ذٰلِكَ فِيْ قُلُوْبِكُمْ وَظَنَنْتُمْ ظَنَّ السَّوْءِ ۚۖ
وَكُنْتُمْ قَوْمًاۢ بُوْرًا ﴿١٢﴾

(૧૨) વાત આ છે કે તમોએ તો એવું ધારી લીધું હતું કે રસૂલ તથા મોઅમીનો (હુદયબીયાની લડાઇમાંથી) કદી પણ પોતાના બાલબચ્ચાઓમાં પાછા ફરીને નહિ આવે, અને આ વાત તમારા મનમાં શોભા પામી ગઇ હતી, અને તમોએ ખરાબ તર્કો બાંધી લીધા હતા; અને તમે હતા જ નાશ પામનારા.

وَمَنۡ لَّمۡ يُؤۡمِنۡۢ بِاللّٰهِ وَرَسُوۡلِهٖ فَاِنَّاۤ اَعۡتَدۡنَا لِلۡكٰفِرِيۡنَ

سَعِيۡرًا ﴿۱۳﴾

(૧૩) અને જે (કોઇ) અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઇમાન નહિ લાવે તો અમોએ પણ એવા નાસ્તિકો માટે ખરેજ ભડભડતી આગ તૈયાર કરી રાખી છે.

وَلِلّٰهِ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ؕ يَغۡفِرُ لِمَنۡ يَّشَآءُ وَيُعَذِّبُ

مَنۡ يَّشَآءُ‌ ؕ وَكَانَ اللّٰهُ غَفُوۡرًا رَّحِيۡمًا ﴿۱۴﴾

(૧૪) અને આસમાનો તથા જમીનનો (સર્વ) અધિકાર અલ્લાહને છે; તે જેને ચાહશે તેને માફ

કરી દેશે અને જેને ચાહશે તેને અઝાબ આપશે; અને અલ્લાહ મહા ક્ષમાવાન (અને) દયાળુ છે.

سَيَقُوْلُ الْمُخَلَّفُوْنَ اِذَا انْطَلَقْتُمْ اِلٰى مَغَانِمَ لِتَاْخُذُوْهَا
ذَرُوْنَا نَتَّبِعْكُمْ ۚ يُرِيْدُوْنَ اَنْ يُّبَدِّلُوْا كَلٰمَ اللّٰهِ ؕ قُلْ لَّنْ
تَتَّبِعُوْنَا كَذٰلِكُمْ قَالَ اللّٰهُ مِنْ قَبْلُ ۚ فَسَيَقُوْلُوْنَ بَلْ
تَحْسُدُوْنَنَا ؕ بَلْ كَانُوْا لَا يَفْقَهُوْنَ اِلَّا قَلِيْلًا ﴿١٥﴾

(૧૫) (અય મુસલમાનો ! તે સમય) પાસે છે કે જ્યારે તમે (ખૈબરના) ગનીમતનો માલ લેવા જશો (ત્યારે હુદયબીયાથી) પાછળ રહી જનારાઓ કહેશે કે અમને પણ તમારી પાછળ પાછળ ચાલ્યા આવવાની રજા આપો, તેઓ અલ્લાહનો બોલ

બદલી નાખવા ચાહે છે; તું કહે તમારાથી હરગિજ અમારી પાછળ આવી શકાવાનું નથી, એમ તમારા સંબંધમાં અલ્લાહ પ્રથમથી જ ફરમાવી ચૂક્યો છે, પછી તેઓ નજીકમાં આ કહેશે કે નહિ (નહિ) તમે અમારી ઈર્ષા કરો છો; બલ્કે વાત આ છે કે તેઓ સમજે છે જ થોડું.

قُلْ لِّلْمُخَلَّفِيْنَ مِنَ الْاَعْرَابِ سَتُدْعَوْنَ اِلٰى قَوْمٍ اُولِىْ بَاْسٍ
شَدِيْدٍ تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ ۚ فَاِنْ تُطِيْعُوْا يُؤْتِكُمُ اللّٰهُ
اَجْرًا حَسَنًا ۚ وَاِنْ تَتَوَلَّوْا كَمَا تَوَلَّيْتُمْ مِّنْ قَبْلُ يُعَذِّبْكُمْ
عَذَابًا اَلِيْمًا ﴿١٦﴾

(૧૬) તું તે (જંગે હુદયબીયામાં જવાથી) પાછળ રહી જનારા બદદુઓને કહે કે નજીકમાં તમે એક સખ્ત લડાયક કોમ તરફ બોલાવવામાં આવશો ત્યારે તેમની સામે લડજો. અહીં સુધી કે તેઓ ઇસ્લામ કબૂલ કરે, પછી જો તમે (અલ્લાહ)ની આજ્ઞા માનશો તો અલ્લાહ તમને સારો બદલો આપશે, અને જો તમે એવીજ રીતે મોઢું ફેરવી લેશો કે જેવી રીતે પહેલાં પણ મોઢું ફેરવી ચૂક્યા હતા તો (તે) તમને દુઃખદાયક અઝાબમાં સપડાવશે.

لَيْسَ عَلَى الْاَعْمٰى حَرَجٌ وَّلَا عَلَى الْاَعْرَجِ حَرَجٌ وَّلَا عَلَى
الْمَرِيْضِ حَرَجٌ ؕ وَمَنْ يُّطِعِ اللّٰهَ وَرَسُوْلَهٗ يُدْخِلْهُ جَنّٰتٍ تَجْرِىْ
مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ وَمَنْ يَّتَوَلَّ يُعَذِّبْهُ عَذَابًا اَلِيْمًا ﴿١٧﴾

(૧૭) (જેહાદમાં ન જોડાવા માટે) ન આંધળા પર કાંઇ દોષ છે અને ન અપંગ પર કાંઇ દોષ છે, અને ન કોઇ બીમાર પર દોષ છે; અને જે અલ્લાહ તથા રસૂલની આજ્ઞા માનશે તેને અલ્લાહ એવી જન્નતોમાં દાખલ કરશે કે જેની હેઠળ નદીઓ વહેતી હશે, અને જે મોઢું ફેરવી લેશે તેને દુ:ખદાયક (અઝાબની) શિક્ષા આપશે.

لَقَدْ رَضِيَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِيْنَ اِذْ يُبَايِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ
فَعَلِمَ مَا فِيْ قُلُوْبِهِمْ فَاَنْزَلَ السَّكِيْنَةَ عَلَيْهِمْ وَاَثَابَهُمْ فَتْحًا
قَرِيْبًا ﴿۱۸﴾

(૧૮) ખરેખર અલ્લાહ મોઅમીનોથી રાજી થઇ ગયો જ્યારે કે તેઓ તે ઝાડની હેઠળ તારા હાથ ઉપર (લડવા મરવાની) બયઅત (પ્રતિજ્ઞા) કરી રહ્યા હતા અને તેમના દિલોમાં જે કાંઇ હતું તેનાથી તે વાકેફ હતો, પછી તેણે તેમના પર શાંતવન ઉતાર્યું, અને તેમને બદલા તરીકે તત્કાળ એક (ખૈબરનો) વિજય આપ્યો:

وَّمَغَانِمَ كَثِيْرَةً يَّاْخُذُوْنَهَا ؕ وَكَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا ﴿۱۹﴾

(૧૯) અને ઘણીએ ગનીમતો કે જે તેઓ હસ્તગત કરશે, અને અલ્લાહ ઝબરદસ્ત (અને) હિકમતવાળો છે.

وَعَدَكُمُ اللّٰهُ مَغَانِمَ كَثِيْرَةً تَأْخُذُوْنَهَا فَعَجَّلَ لَكُمْ هٰذِهٖ وَكَفَّ اَيْدِيَ النَّاسِ عَنْكُمْ ۚ وَلِتَكُوْنَ اٰيَةً لِّلْمُؤْمِنِيْنَ وَيَهْدِيَكُمْ صِرَاطًا مُّسْتَقِيْمًا ۝٢٠

(૨૦) અલ્લાહ તમારાથી ઘણીએ ગનીમતોનો વાયદો કરી ચૂક્યો છે કે જે તમે (નજીકના ભાવિમાં) હસ્તગત કરશો, પછી તેણે તમારી ખાતર આ (ખૈબરની ગનીમતની) તક તમને તરતજ અપાવી અને (હુદયબીયામાં) લોકોના હાથ

તમારાથી રોકી દીધા, અને (તે) એ માટે કે આ (લડાઇ) મોઅમીનો માટે (અલ્લાહની કુદરતનો) એક નમૂનો થઇ જાય, અને એ માટે કે તે (અલ્લાહ) તમને સન્માર્ગ ઉપર ચલાવે :

وَّاُخۡرٰى لَمۡ تَقۡدِرُوۡا عَلَيۡهَا قَدۡ اَحَاطَ اللّٰهُ بِهَا ‌ؕ وَكَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرًا ﴿۲۱﴾

(૨૧) અને બીજી (ઇરાન તથા શામની) ગનીમતો કે જેમના પર (હજી) તમે કબ્જો મેળવી શક્યા નથી તે પણ ખરેજ અલ્લાહે (તમારા માટે) સાધી રાખી છે; અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનારો છે.

وَلَوۡ قٰتَلَكُمُ الَّذِيۡنَ كَفَرُوۡا لَوَلَّوُا الۡاَدۡبَارَ ثُمَّ لَا يَجِدُوۡنَ وَلِيًّا

وَّلَا نَصِيۡرًا ﴿۲۲﴾

(૨૨) અને અગર તે લોકો કે જેઓ ઇમાન નથી લાવ્યા (આ લડાઇમાં) તમારી સાથે લડતે તો જરૂર પીઠ ફેરવીને નાસી જતે, પછી ન તેઓ કોઇ મિત્ર મેળવતે અને ન કોઇ મદદગાર.

سُنَّةَ اللّٰهِ الَّتِىۡ قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلُ‌ ۖۚ وَلَنۡ تَجِدَ لِسُنَّةِ اللّٰهِ

تَبۡدِيۡلًا ﴿۲۳﴾

(૨૩) અલ્લાહના નિયમ મુજબ પ્રથમથી (આમ) થતું આવ્યું છે, અને તું અલ્લાહના નિયમમાં કાંઇ ફેરફાર જોશે નહિ.

وَهُوَالَّذِیۡ کَفَّ اَیۡدِیَهُمۡ عَنۡکُمۡ وَاَیۡدِیَکُمۡ عَنۡهُمۡ بِبَطۡنِ
مَکَّةَ مِنۡۢ بَعۡدِ اَنۡ اَظۡفَرَکُمۡ عَلَیۡهِمۡ ؕ وَکَانَ اللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ
بَصِیۡرًا ﴿۲۴﴾

(૨૪) અને તે એજ છે જેણે મક્કા શહેરની વચ્ચોવચ તમને નાસ્તિકો પર જીત આપ્યા પછી તેમના હાથ તમારાથી અને તમારા હાથ તેમનાથી રોકી દીધા; અને જે પણ વર્તન તમે કરો છો તે અલ્લાહ જુએ છે.

هُمُ الَّذِیۡنَ کَفَرُوۡا وَصَدُّوۡکُمۡ عَنِ الۡمَسۡجِدِ الۡحَرَامِ وَالۡهَدۡیَ
مَعۡکُوۡفًا اَنۡ یَّبۡلُغَ مَحِلَّهٗ ؕ وَلَوۡلَا رِجَالٌ مُّؤۡمِنُوۡنَ وَنِسَآءٌ

مُّؤۡمِنٰتٌ لَّمۡ تَعۡلَمُوۡهُمۡ اَنۡ تَطَـُٔوۡهُمۡ فَتُصِيۡبَكُمۡ مِّنۡهُمۡ
مَّعَرَّةٌۢ بِغَيۡرِ عِلۡمٍ‌ۚ لِيُدۡخِلَ اللّٰهُ فِىۡ رَحۡمَتِهٖ مَنۡ يَّشَآءُ‌ۚ لَوۡ
تَزَيَّلُوۡا لَعَذَّبۡنَا الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡهُمۡ عَذَابًا اَلِيۡمًا ﴿۲۵﴾

(૨૫) આ એજ લોકો છે કે જેમણે નાસ્તિકપણું કર્યું, અને તેમણે તમને મસ્જિદુલ હરામથી અટકાવ્યા, અને કુરબાની (ના પ્રાણીઓ)ને તેના હલાલ થવાના સ્થળે પહોંચતા અટકાવી રાખ્યા; (આ છતાં તમારા હાથ એ કારણે રોકી રાખ્યા કે) તેમાં કેટલાક ઇમાનદાર પુરૂષો તથા ઇમાનદાર સ્ત્રીઓ હતી કે જેમને તમે ઓળખતા ન હતા, (જેથી લડાઇમાં) તેમને તમે કચડી ન નાખો, અને તમે

તેમના કારણે અજાણતામાં ગુનેહગાર ન બનો કે જેથી અલ્લાહ જે શખ્સને ચાહે પોતાની મહેરબાનીમાં દાખલ કરી લે; પણ જો એ બન્ને પક્ષો એક બીજાથી જુદા પડી ગયા હોત તો અમે નાસ્તિકોને ખરેખરજ દુ:ખદાયક શિક્ષા કરતે.

إِذْ جَعَلَ الَّذِينَ كَفَرُوا فِي قُلُوبِهِمُ الْحَمِيَّةَ حَمِيَّةَ الْجَاهِلِيَّةِ فَأَنْزَلَ اللَّهُ سَكِينَتَهُ عَلَىٰ رَسُولِهِ وَعَلَى الْمُؤْمِنِينَ وَأَلْزَمَهُمْ كَلِمَةَ التَّقْوَىٰ وَكَانُوا أَحَقَّ بِهَا وَأَهْلَهَا ۚ وَكَانَ اللَّهُ بِكُلِّ شَيْءٍ عَلِيمًا ﴿٢٦﴾

(૨૬) (તે સમયને યાદ કરો) જ્યારે નાસ્તિકોએ પોતાના મનમાં અહંકારને સ્થાન આપ્યું હતું - અને

તે પણ અજ્ઞાનતાના કાળનો અહંકાર ત્યારે અલ્લાહે પણ પોતાના રસૂલ તથા મોઅમીનો પર આશ્વાસન ઉતારી દીધું, અને તેમને ડરીને ચાલવાના વચન પર કાયમ રાખ્યા, અને તેઓ હતા તેના હકદાર અને તેને લાયક પણ; અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

لَقَدْ صَدَقَ اللّٰهُ رَسُوْلَهُ الرُّءْيَا بِالْحَقِّ ۚ لَتَدْخُلُنَّ الْمَسْجِدَ
الْحَرَامَ اِنْ شَآءَ اللّٰهُ اٰمِنِيْنَ ۙ مُحَلِّقِيْنَ رُءُوْسَكُمْ وَمُقَصِّرِيْنَ ۙ
لَا تَخَافُوْنَ ؕ فَعَلِمَ مَا لَمْ تَعْلَمُوْا فَجَعَلَ مِنْ دُوْنِ ذٰلِكَ فَتْحًا
قَرِيْبًا ﴿٢٧﴾

(૨૭) બેશક અલ્લાહે પોતાના રસૂલને સાચુંજ સ્વપ્ન દેખાડ્યું હતું કે અગર અલ્લાહે ચાહ્યું તો તમે અમનો અમાન સાથે તમારા માથા મૂંડાવી અને તમારા વાળ કપાવી મસ્જિદુલ હરામમાં અવશ્ય દાખલ થશો, પછી તમને (કોઇ વાતનો) ભય રહેશે નહિ; કારણ કે તે (અલ્લાહ) જાણતો હતો જે તમે જાણતા ન હતા, પછી તેણે તે ઉપરાંત નજીકમાંજ એક બીજો (ખૈબરનો) વિજય પણ પાસે લાવી દીધો.

هُوَالَّذِيْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى
الدِّيْنِ كُلِّهٖ ۭ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ۝۲۸

(૨૮) તે એ જ છે જેણે પોતાના રસૂલને હિદાયત તથા સત્ય ધર્મની સાથે મોકલ્યો કે જેથી તેને તમામ જગતના ધર્મો પર પ્રબળ કરી દે; અને સાક્ષી માટે અલ્લાહ પૂરતો છે.

مُحَمَّدٌ رَّسُوۡلُ اللّٰهِ ؕ وَالَّذِيۡنَ مَعَهٗۤ اَشِدَّآءُ عَلَى الۡكُفَّارِ رُحَمَآءُ
بَيۡنَهُمۡ تَرٰٮهُمۡ رُكَّعًا سُجَّدًا يَّبۡتَغُوۡنَ فَضۡلًا مِّنَ اللّٰهِ
وَرِضۡوَانًا ۖ سِيۡمَاهُمۡ فِىۡ وُجُوۡهِهِمۡ مِّنۡ اَثَرِ السُّجُوۡدِ ؕ ذٰلِكَ
مَثَلُهُمۡ فِى التَّوۡرٰٮةِ ۛۖ وَمَثَلُهُمۡ فِى الۡاِنۡجِيۡلِ ۛۚ كَزَرۡعٍ اَخۡرَجَ
شَطۡـَٔهٗ فَاٰزَرَهٗ فَاسۡتَغۡلَظَ فَاسۡتَوٰى عَلٰى سُوۡقِهٖ يُعۡجِبُ الزُّرَّاعَ

لِيَغِيْظَ بِهِمُ الْكُفَّارَ ؕ وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا
الصّٰلِحٰتِ مِنْهُمْ مَّغْفِرَةً وَّاَجْرًا عَظِيْمًا ﴿٢٩﴾

(૨૯) હઝરત મોહમ્મદ (સ.) અલ્લાહના રસૂલ છે; અને જેઓ પણ વાસ્તવમાં તેની સાથે છે. તેઓ નાસ્તિકો પર ભારે છે અને આપસમાં રહેમ દિલ; તું તેમને રૂકુઅ તથા સિજદાની સ્થિતિમાં જોશે કે તેઓ અલ્લાહની મહેરબાની તથા તેની ખુશી ચાહતા રહે છે, તેમના ચહેરાઓમાં સિજદાના ચિહ્નો મોજૂદ છે; તેમનો આ દાખલો તૌરેતમાં વર્ણવેલો છે, અને તેમનો દાખલો ઇન્જીલમાં પણ વર્ણવવામાં આવ્યો છે કે તેઓ એક એવી ખેતીના જેવા છે કે જેણે પોતાની કુંપળો કાઢી હોય, પછી

તેને બળ આપ્યું હોય, પછી તે મોટી થઇ હોય, પછી તે પોતાના થડ ઉપર મજબૂત રીતે ઉભી થઇ ગઇ હોય, (અને) તે ખેતી કરનારાઓને પણ અજાયબીમાં નાખી દેતી હોય કે જેથી તે (અલ્લાહ) નાસ્તિકોને તેમના કારણે ક્રોધ ચઢાવે; અલ્લાહ તે લોકોથી કે જેઓ તેમાંથી ઇમાન લાવ્યા છે અને સત્કાર્યો કર્યા છે તેમને માફી અને ઘણાં મોટા બદલાનો વાયદો કરી લીધો છે.

# سورة الحجرات / સૂરએ હોજરાત

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا تُقَدِّمُوۡا بَيۡنَ يَدَىِ اللّٰهِ وَرَسُوۡلِهٖ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌ ‏﴿۱﴾‏

(૧) અય ઇમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસૂલ સામે કોઇ વાતમાં આગળ વધી ન જાઓ અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ
وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ
اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝٢

(૨) અય ઇમાન લાવનારાઓ! તમારા અવાજને નબીના અવાજ કરતાં ઊંચો ન કરો, અને ન વાત કરવામાં તેની સાથે એવા જોરથી બોલો જેમકે તમે એક બીજાઓની સાથે બૂમો પાડીને વાત કરો છો કે જેથી એવું ન થાય કે તમારા કર્મો રદ થઇ જાય અને તમને જાણ પણ થવા પામે નહિ.

اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِيْنَ
امْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰى ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ ۝٣

(3) બેશક જે લોકો અલ્લાહના રસૂલની સેવામાં પોતાના અવાજને મંદ રાખે છે તેઓ એજ છે કે જેમની પરહેઝગારીના સંબંધમાં અલ્લાહે તેમના દિલોની કસોટી કરી લીધી છે; તેમના માટે ક્ષમા અને મોટો બદલો છે.

إِنَّ الَّذِينَ يُنَادُونَكَ مِن وَرَآءِ الْحُجُرَٰتِ أَكْثَرُهُمْ لَا يَعْقِلُونَ ﴿٤﴾

(૪) (અય રસૂલ !) બેશક જે લોકો તને તારા ખાનગી ઓરડાઓથી બહારથી પોકારે છે તેઓ માંના ઘણાખરા બુદ્ધીહીન છે.

وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰى تَخْرُجَ اِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ ۭ وَاللّٰهُ
غَفُوْرٌ رَّحِيْمٌ ⑤

(૫) અને તું ઘરમાંથી બહાર નીકળી તેમની પાસે આવે તેટલો સમય જો તેઓ ધીરજ ધરે તો તેમના માટે બહેતર છે; અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયા કરનારો છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ جَاۗءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْٓا اَنْ
تُصِيْبُوْا قَوْمًۢا بِجَهَالَةٍ فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ ⑥

(૬) અય ઇમાન લાવનારાઓ! અગર તમારી પાસે કોઇ દુરાચારી અમૂક ખબર લઇને આવે તો તેની (સચ્ચાઇની) ખાતરી કરી લો કે જેથી એમ ન બને

કે કોઇ કોમને તમે જાણ્યા કર્યા વિના કાંઇ આઘાત પહોંચાડી બેસો, અને પછી તમે જે કર્યું તેના માટે તમને પસ્તાવો કરવો પડે.

وَاعْلَمُوْٓا اَنَّ فِيْكُمْ رَسُوْلَ اللّٰهِ ۭ لَوْ يُطِيْعُكُمْ فِيْ كَثِيْرٍ مِّنَ الْاَمْرِ لَعَنِتُّمْ وَلٰكِنَّ اللّٰهَ حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ وَزَيَّنَهٗ فِيْ قُلُوْبِكُمْ وَكَرَّهَ اِلَيْكُمُ الْكُفْرَ وَالْفُسُوْقَ وَالْعِصْيَانَ ۭ اُولٰۗىِٕكَ هُمُ الرّٰشِدُوْنَ ۝ۙ

(૭) અને આ પણ જાણી લો કે અલ્લાહનો રસૂલ તમારામાં મોજૂદ છે; અગર તે ઘણીખરી વાતોમાં તમારૂં કહ્યું માને તો તમે જરૂર તકલીફમાં પડી જશો, પરંતુ અલ્લાહે ઇમાનને તમારા માટે વહાલુ

બનાવ્યું છે, અને તે (ઇમાન)ને તમારા દિલોમાં શોભાયમાન કરી રાખ્યું છે, અને નાસ્તિકપણું તથા અત્યાચાર તથા નાફરમાનીને તમારા માટે તિરસ્કારયુક્ત બનાવ્યા છે; એજ લોકો સન્માર્ગ ઉપર છે:

فَضْلًا مِّنَ اللّٰهِ وَنِعْمَةً ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ۝٨

(૮) આ અલ્લાહ તરફથી કૃપા અને બક્ષિશ છે; અને અલ્લાહ મોટો જાણનાર (અને) હિકમતવાળો છે.

وَاِنْ طَآئِفَتٰنِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَاَصْلِحُوْا بَيْنَهُمَا ۚ
فَاِنْۢ بَغَتْ اِحْدٰىهُمَا عَلَى الْاُخْرٰى فَقَاتِلُوا الَّتِيْ تَبْغِيْ حَتّٰى

تَفِیۡٓءَ اِلٰۤی اَمۡرِ اللّٰہِ ۚ فَاِنۡ فَآءَتۡ فَاَصۡلِحُوۡا بَیۡنَہُمَا بِالۡعَدۡلِ

وَاَقۡسِطُوۡا ؕ اِنَّ اللّٰہَ یُحِبُّ الۡمُقۡسِطِیۡنَ ﴿۹﴾

(૯) અને અગર મોઅમીનોના બે પક્ષો આપસમાં લડે તો તેમની વચ્ચે સમાધાન કરાવી દો, પછી જો તે બન્નેમાંથી એક (પક્ષ) બીજા ઉપર સખતાઇ કરે તો સખતાઇ કરનારની સાથે લડો, અહીં સુધી કે તે અલ્લાહના નિર્ણય તરફ રજૂ થાય, પછી જો તે રજૂ થાય તો તેમની વચ્ચે ન્યાયસર સમાધાન કરાવી દો અને ન્યાયથી વર્તો; બેશક અલ્લાહ ન્યાયથી વર્તનારાઓને દોસ્ત રાખે છે.

إِنَّمَا الْمُؤْمِنُوْنَ إِخْوَةٌ فَأَصْلِحُوْا بَيْنَ أَخَوَيْكُمْ وَاتَّقُوا اللّٰهَ
لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿١٠﴾

(૧૦) સિવાય તેના કાંઇજ નથી કે મોઅમીનો (પરસ્પર ભાઇ) ભાઇ છે માટે તમે તમારા ભાઇઓ વચ્ચે સુલેહ કરાવી દો, અને અલ્લાહથી ડરતા રહો કે કદાચને તમારા પર રહેમ કરવામાં આવે.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰۤى اَنْ يَّكُوْنُوْا
خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰۤى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۚ
وَلَا تَلْمِزُوْۤا اَنْفُسَكُمْ وَلَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ ؕ بِئْسَ الِاسْمُ

الْفُسُوْقُ بَعْدَ الْاِيْمَانِ ۚ وَمَنْ لَّمْ يَتُبْ فَاُولٰٓئِكَ هُمُ

الظّٰلِمُوْنَ ⑪

(૧૧) અય ઇમાન લાવનારાઓ! કોઇ કોમ બીજી કોમની હાંસી ઉડાડે નહિ કે કદાચને તેઓ (પરિણામમાં) તેમનાં કરતાં બેહતર હોય, તેમ સ્ત્રીઓ પણ (બીજી) સ્ત્રીઓની (હાંસી ઉડાડે નહિ) કે કદાચને તે તેમનાથી બેહતર હોય, ને તમે ન આપસમાં ટોણાં મારો, અને ન એક બીજાને બૂરા નામે બોલાવો; ઇમાન (લાવ્યા) પછી બૂરા નામ રાખવા ઘણીજ બૂરી વસ્તુ છે, અને જે (તેનાથી) તૌબા નહિ કરે તો એજ લોકો ઝુલમગાર છે.

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ بَعْضَ
الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ؕ اَيُحِبُّ
اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ
اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ ﴿۱۲﴾

(૧૨) અય ઇમાન લાવનારાઓ ! ઘણાં તર્કવિતર્ક દોડાવવાથી બચો, બેશક કેટલાક તર્કો ગુનાહ છે, અને (એક બીજાની) સ્થિતિની તપાસ કરવાની કોશિશ કરો નહિ, તેમ તમારામાંથી કોઇ કોઇની પાછળ નીંદા કરે નહિ. શું તમારામાંથી કોઇ આ (કૃત્ય)ને પસંદ કરે છે કે તે પોતાના મરી ગએલા ભાઇનું માંસ ખાય? નહિ, બલ્કે એ (કૃત્ય) તો તમો

બૂરૂંજ સમજશો. અને અલ્લાહથી ડરો; બેશક અલ્લાહ મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયાવાન છે.

يَآيُّهَا النَّاسُ اِنَّا خَلَقْنٰكُمْ مِّنْ ذَكَرٍ وَّاُنْثٰى وَجَعَلْنٰكُمْ شُعُوْبًا
وَّقَبَآىِٕلَ لِتَعَارَفُوْا ؕ اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ؕ اِنَّ اللّٰهَ
عَلِيْمٌ خَبِيْرٌ ﴿١٣﴾

(૧૩) અય લોકો ! બેશક અમોએ તમને એક પુરૂષ અને એક સ્ત્રી (ના સમાગમ)થી પેદા કર્યા, અને તમને જુદી જુદી કોમો તથા કબીલાઓ બનાવી દીધા કે જેથી તમે એક બીજાને ઓળખી શકો; બેશક અલ્લાહની પાસે તમારામાંથી વધારે

માનવંત એજ છે કે જે વધારે પરહેઝગાર છે; બેશક અલ્લાહ મહાન જાણનાર (અને) ખબરદાર છે.

قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا ؕ قُلْ لَّمْ تُؤْمِنُوْا وَلٰكِنْ قُوْلُوْٓا اَسْلَمْنَا
وَلَمَّا يَدْخُلِ الْاِيْمَانُ فِيْ قُلُوْبِكُمْ ؕ وَاِنْ تُطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ
لَا يَلِتْكُمْ مِّنْ اَعْمَالِكُمْ شَيْـًٔا ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ⑭

(૧૪) બદદુઓ કહે છે કે અમે ઇમાન લાવ્યા; (પણ) કહે કે તમે ઇમાન નથી લાવ્યા, બલ્કે તમે એમ કહો કે અમે ઇસ્લામ લાવ્યા, કેમ કે ઇમાન તો તમારા દિલમાં હજુ સુધી દાખલ થયું જ નથી; અને અગર તમે અલ્લાહની તથા તેના રસૂલની

આજ્ઞા માનશો તો તે તમારા કર્મોમાંથી કાંઇ ઓછું કરશે નહિ; બેશક અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાવાન છે.

اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ لَمْ يَرْتَابُوْا وَجٰهَدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ اُولٰٓئِكَ هُمُ الصّٰدِقُوْنَ ﴿١٥﴾

(૧૫) સિવાય તેના નથી કે મોઅમીન તે લોકો છે જે અલ્લાહ તથા તેના રસૂલ પર ઇમાન લાવ્યા બાદ તેઓ કદી શંકા કરતા નથી, અને અલ્લાહના માર્ગમાં પોતાના માલથી તથા પોતાના પ્રાણોથી

જેહાદ કરે છે; એજ લોકો (ઇમાનના દાવામાં) સાચા છે.

قُلْ اَتُعَلِّمُوْنَ اللّٰهَ بِدِيْنِكُمْ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا فِى السَّمٰوٰتِ وَمَا
فِى الْاَرْضِ ؕ وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿۱۶﴾

(૧૬) (અય રસૂલ !) તું કહે કે ભલા તમે અલ્લાહને તમારા ધર્મની જાણ કરો છો ? જો કે અલ્લાહ આસમાનો તથા જમીનમાં જે કાંઇ છે તે સઘળું જાણે છે; અને અલ્લાહ દરેક વસ્તુથી માહિતગાર છે.

يَمُنُّوْنَ عَلَيْكَ اَنْ اَسْلَمُوْا ؕ قُلْ لَّا تَمُنُّوْا عَلَىَّ اِسْلَامَكُمْ ۚ بَلِ
اللّٰهُ يَمُنُّ عَلَيْكُمْ اَنْ هَدٰىكُمْ لِلْاِيْمَانِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۱۷﴾

(૧૭) તેઓ તારા ઉપર તેમના ઇસ્લામ સ્વીકાર કર્યાનો ઉપકાર રાખે છે તું કહે કે તમે તમારા ઇસ્લામ (લાવવા)નો ઉપકાર મારા પર ન રાખો, તમે (તમારા ઇમાનના દાવામાં) સાચા હો તો (જાણી લો કે) અલ્લાહે જ તમને ઇમાન તરફ હિદાયત કરી તમારા પર ઉપકાર કર્યો છે.

إِنَّ اللَّهَ يَعْلَمُ غَيْبَ السَّمٰوٰتِ وَالْأَرْضِ ۚ وَاللَّهُ بَصِيرٌۢ بِمَا تَعْمَلُونَ ۝١٨

(૧૮) બેશક અલ્લાહ આસમાનો તથા જમીનની છુપી વાતો જાણે છે; અને જે કાંઇ અમલ કરો છો તે અલ્લાહ નિહાળે છે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

قٓ ۟ۚ وَ الۡقُرۡاٰنِ الۡمَجِیۡدِ ۚ﴿۱﴾

(૧) કાફ; આ મહા બુઝુર્ગીવાળા કુરઆનની કસમ ! (મોહમ્મદ સ.અ.વ. અલ્લાહના પયગમ્બર છે.)

بَلۡ عَجِبُوۡۤا اَنۡ جَآءَہُمۡ مُّنۡذِرٌ مِّنۡہُمۡ فَقَالَ الۡکٰفِرُوۡنَ ہٰذَا شَیۡءٌ عَجِیۡبٌ ۚ﴿۲﴾

(૨) પરંતુ આ નાસ્તિકોને તો તેમની પાસે તેઓમાંથી જ એક ડરાવનારો (રસૂલ) આવ્યો

તેનુંજ આશ્ચર્ય થાય છે, (અને) કહે છે કે આ તો આશ્ચર્ય જેવી વાત છે.

ءَاِذَا مِتۡنَا وَ كُنَّا تُرَابًا ۚ ذٰلِكَ رَجۡعٌۢ بَعِيۡدٌ ③

(3) શું જ્યારે અમે મરી જઇશું અને માટી બની જઇશું (તો પણ અમે પાછા ફરીશું) ? એ પાછા ફરવું જ (અક્કલથી) દૂર છે.

قَدۡ عَلِمۡنَا مَا تَنۡقُصُ الۡاَرۡضُ مِنۡهُمۡ ۚ وَعِنۡدَنَا كِتٰبٌ حَفِيۡظٌ ④

(૪) તે (મુડદા)ઓના ક્યા ક્યા ભાગને જમીન ખાઇને ઘટાડે છે તે અમે ખરેજ જાણીએ છીએ, અને

અમારી પાસે સુરક્ષિત કરેલું પુસ્તક (પણ મોજૂદ) છે.

بَلْ كَذَّبُوْا بِالْحَقِّ لَمَّا جَآءَهُمْ فَهُمْ فِيْٓ اَمْرٍ مَّرِيْجٍ ۝٥

(૫) બલ્કે તેમણે તો જ્યારે પણ તેમની પાસે સત્ય આવ્યું ત્યારે તેને જૂઠલાવ્યા કર્યું, માટે (હવે) તેઓ ગૂંચવણ ભરી સ્થિતિમાં પડ્યા છે.

اَفَلَمْ يَنْظُرُوْٓا اِلَى السَّمَآءِ فَوْقَهُمْ كَيْفَ بَنَيْنٰهَا وَزَيَّنّٰهَا وَمَا لَهَا مِنْ فُرُوْجٍ ۝٦

(૬) શું ત્યારે તેઓ પોતાના ઉપર આસમાન તરફ જોતા નથી કે અમોએ તેને કેવું બનાવ્યું છે, અને

તેને કેવું શણગાર્યું છે? અને તેમાં એક પણ તિરાડ નથી.

وَالۡاَرۡضَ مَدَدۡنٰهَا وَاَلۡقَيۡنَا فِيۡهَا رَوَاسِىَ وَاَنۡۢبَتۡنَا فِيۡهَا مِنۡ كُلِّ زَوۡجٍۢ بَهِيۡجٍ ۙ‏ ﴿۷﴾

(૭) અને અમોએ જમીનને ફેલાવી દીધી છે અને તેમાં મોટા મોટા પહાડ જડી દીધા છે, અને અમોએ તેમાં દરેક પ્રકારની સુંદર વસ્તુઓ ઉત્પન્ન કરી દીધી છેઃ

تَبۡصِرَةً وَّذِكۡرٰى لِكُلِّ عَبۡدٍ مُّنِيۡبٍ‏ ﴿۸﴾

(૮) (અલ્લાહ તરફ) રજૂ થનાર દરેક બંદા માટે (તેમાં કુદરતનું) અવલોકન અને બોધ છે.

وَنَزَّلْنَا مِنَ السَّمَآءِ مَآءً مُّبٰرَكًا فَاَنْۢبَتْنَا بِهٖ جَنّٰتٍ وَّحَبَّ

الْحَصِيْدِ ۙ﴿۹﴾

(૯) અને અમોએ આસમાન પરથી બરકતવાળું પાણી ઉતાર્યું, પછી તે વડે (ફળફળાદિના) બગીચા તથા લણેલ અનાજ ઉત્પન્ન કર્યાં

وَالنَّخْلَ بٰسِقٰتٍ لَّهَا طَلْعٌ نَّضِيْدٌ ۙ﴿۱۰﴾

(૧૦) અને લાંબા લાંબા ખજૂરના વૃક્ષો પણ, જેના ઝુમખા એક ઉપર એક લટકે છે:

رِّزْقًا لِّلْعِبَادِ ۙ وَاَحْيَيْنَا بِهٖ بَلْدَةً مَّيْتًا ؕ كَذٰلِكَ الْخُرُوْجُ ﴿۱۱﴾

(૧૧) આ (સઘળું) બંદાઓ માટે રોઝી છે, અને એજ (પાણી) વડે અમો નિર્જીવ જમીનને સજીવન

કરીએ છીએ; એજ પ્રમાણે (કયામતના દિવસે મુડદાઓનું) નીકળવું પણ થશે.

كَذَّبَتْ قَبْلَهُمْ قَوْمُ نُوْحٍ وَّاَصْحٰبُ الرَّسِّ وَثَمُوْدُ ۝١٢

(૧૨) તેમની પહેલા નૂહની કોમ તથા અસ્હાબે રસ્સ (ખંદકવાળા) તથા સમૂદ (સાલેહની કોમ)એ પણ જૂઠલાવ્યું હતું :

وَعَادٌ وَّفِرْعَوْنُ وَاِخْوَانُ لُوْطٍ ۝١٣

(૧૩) અને આદ (ની કોમ) તથા ફિરઔન તથા લૂતના ભાઇઓ એ પણ :

وَّاَصْحٰبُ الْاَيْكَةِ وَقَوْمُ تُبَّعٍ ؕ كُلٌّ كَذَّبَ الرُّسُلَ فَحَقَّ وَعِيْدِ ۝١٤

(૧૪) અને અસ્હાબે અયકા (વનવાસીઓ અર્થાત હ. શોઅયબની કોમ) તથા તુબ્બાની કોમે પણ; આ સઘળાઓએ રસૂલોને જૂઠલાવ્યા, પછી મારો (અઝાબનો) વાયદો પૂર્ણ થઇને રહ્યો.

اَفَعَيِيْنَا بِالْخَلْقِ الْاَوَّلِ ؕ بَلْ هُمْ فِيْ لَبْسٍ مِّنْ خَلْقٍ جَدِيْدٍ ﴿۱۵﴾

(૧૫) શું અમે પહેલી વારના (સૃષ્ટિ) સર્જનથી થાકી ગયા હતા કે જેથી તેઓ નવીન સર્જન વિષે શંકામાં છે?

وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ وَنَعْلَمُ مَا تُوَسْوِسُ بِهٖ نَفْسُهٗ ۖۚ وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ ﴿۱۶﴾

(૧૬) અને બેશક મનુષ્યને અમોએ જ પેદા કર્યો છે, અને તેનું મન જે કાંઇ સૂચવે તે અમે જાણીએ છીએ, અને અમે તેની ધોરી નસ કરતાંય વધારે પાસે છીએ.

إِذْ يَتَلَقَّى الْمُتَلَقِّيَانِ عَنِ الْيَمِينِ وَعَنِ الشِّمَالِ قَعِيدٌ ۝١٧

(૧૭) જ્યારે કે જમણી તથા ડાબી બાજુએ બેઠેલા (દરેક વાતના) લખી લેનારા બે (ફરિશ્તાઓ) દરેક વાતને લખી લે છે.

مَا يَلْفِظُ مِن قَوْلٍ إِلَّا لَدَيْهِ رَقِيبٌ عَتِيدٌ ۝١٨

(૧૮) એક પણ બોલ તેના મોઢેથી નથી નીકળતો કે જે તેની પાસેનો પહેરેગીર (ફરિશ્તો) હાજર (રહી લખી લેતો) ન હોય.

وَجَآءَتۡ سَكۡرَةُ الۡمَوۡتِ بِالۡحَقِّ ؕ ذٰلِكَ مَا كُنۡتَ مِنۡهُ تَحِيۡدُ ﴿۱۹﴾

(૧૯) અને બેશક મૃત્યુની મૂર્છા ખરેખર આવી પહોંચશે; (ત્યારે તેને કહેવામાં આવશે કે) આ એજ છે કે જેનાથી તું નાસતો ફરતો હતો.

وَنُفِخَ فِى الصُّوۡرِ ؕ ذٰلِكَ يَوۡمُ الۡوَعِيۡدِ ﴿۲۰﴾

(૨૦) અને સૂર ફૂંકી દેવામાં આવશે, એજ અઝાબના વાયદાનો દિવસ છે.

وَجَآءَتۡ كُلُّ نَفۡسٍ مَّعَهَا سَآئِقٌ وَّشَهِيۡدٌ ﴿۲۱﴾

(૨૧) દરેક વ્યક્તિ એવી રીતે આવશે કે એક હાંકનાર તથા એક સાક્ષી તેની સાથે હશે.

لَقَدۡ كُنتَ فِيۡ غَفۡلَةٍ مِّنۡ هٰذَا فَكَشَفۡنَا عَنۡكَ غِطَآءَكَ

فَبَصَرُكَ الۡيَوۡمَ حَدِيۡدٌ ﴿٢٢﴾

(૨૨) (તેને કહેવામાં આવશે કે) ખરેખરજ તું આ દિવસથી બેખબર હતો, પણ હવે અમોએ તારા ઉપરથી (અજ્ઞાનતાનો) પડદો ખસેડી લીધો છે, જેથી તારી દ્રષ્ટિ આજે સતેજ છે.

وَقَالَ قَرِيۡنُهٗ هٰذَا مَا لَدَىَّ عَتِيۡدٌ ﴿٢٣﴾

(૨૩) અને તેનો સાથી કહેશે કે આ (તારી કરણી) મારી પાસે હાજર છે.

اَلۡقِيَا فِيۡ جَهَنَّمَ كُلَّ كَفَّارٍ عَنِيۡدٍ ﴿٢٤﴾

(૨૪) (પછી હાંકનાર તથા સાક્ષીને હુકમ થશે કે) તમે બન્ને, દરેક નાશુક્રા શિરજોરને જહન્નમમાં નાખી દોઃ

مَّنَّاعٍ لِّلۡخَيۡرِ مُعۡتَدٍ مُّرِيۡبِ ۝٢٥

(૨૫) કે જે નેકીઓથી રોકનાર, અને (દીનમાં) શંકા કરનાર હતો.

الَّذِىۡ جَعَلَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَاَلۡقِيٰهُ فِى الۡعَذَابِ الشَّدِيۡدِ ۝٢٦

(૨૬) કે જેણે અલ્લાહની સાથે બીજો માઅબૂદ પણ સ્વીકાર્યો હતો માટે તમે બન્ને તેને સખ્ત અઝાબમાં નાખી દો.

قَالَ قَرِيۡنُهٗ رَبَّنَا مَاۤ اَطۡغَيۡتُهٗ وَلٰـكِنۡ كَانَ فِىۡ ضَلٰلٍۢ بَعِيۡدٍ ۝٢٧

(૨૭) ત્યારે તેનો સાથી (શેતાન) અરજ કરશે કે અય અમારા પરવરદિગાર ! મેં તો તેને ગુમરાહ કર્યો ન હતો, પરંતુ તે પોતેજ મહાન ગુમરાહીમાં હતો.

قَالَ لَا تَخْتَصِمُوْا لَدَيَّ وَقَدْ قَدَّمْتُ اِلَيْكُمْ بِالْوَعِيْدِ ﴿٢٨﴾

(૨૮) (અલ્લાહ) ફરમાવશે કે મારી હજૂરમાં પરસ્પર ઝઘડો ન કરો, મેં તમને મારા અઝાબનો ભય પ્રથમથી જ સંભળાવી દીધો હતો.

مَا يُبَدَّلُ الْقَوْلُ لَدَيَّ وَمَآ اَنَا بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿٢٩﴾

(૨૯) મારી હજૂરમાં કોઇ વાત બદલી શકાતી નથી, અને ન હું બંદાઓના હકમાં ઝુલમગાર છું.

يَوْمَ نَقُوْلُ لِجَهَنَّمَ هَلِ امْتَلَاْتِ وَتَقُوْلُ هَلْ مِنْ مَّزِيْدٍ ﴿٣٠﴾

(30) તે દિવસે અમે જહન્નમને કહીશું કે ભલા તારૂં પેટ ભરાઇ ગયું ? તે અરજ કરશે કે શું હજી કાંઇ વધારે છે?

وَاُزْلِفَتِ الْجَنَّةُ لِلْمُتَّقِيْنَ غَيْرَ بَعِيْدٍ ﴿٣١﴾

(૩૧) અને પરહેઝગારોની ખાતર જન્નત નજીક કરી દેવામાં આવશે અને તે દૂર નહિ હોય.

هٰذَا مَا تُوْعَدُوْنَ لِكُلِّ اَوَّابٍ حَفِيْظٍ ﴿٣٢﴾

(૩૨) (તેમને કહેવામાં આવશે કે) આ એજ છે કે જેનો તમારામાંથી દરેક (અલ્લાહની તરફ)

વારંવાર રજૂ થનાર અને (સત્યની) નિગેહદારી કરનારને વાયદો કરવામાં આવતો હતો :

مَنْ خَشِيَ الرَّحْمٰنَ بِالْغَيْبِ وَجَآءَ بِقَلْبٍ مُّنِيْبِۣ ۝٣٣

(33) જે ગૈબ થકી દયાળુ (અલ્લાહ)થી ડરતો રહ્યો, અને જે પ્રશ્ચાતાપ કરતાં દિલ સાથે હાજર થયોઃ

ادْخُلُوْهَا بِسَلٰمٍ ۭ ذٰلِكَ يَوْمُ الْخُلُوْدِ ۝٣٤

(3૪) (એવાઓને જ કહેવામાં આવશે કે) તમે સલામતીની સાથે તેમાં દાખલ થઇ જાઓ, એજ હંમેશા રહેવાનો દિવસ છે.

لَهُمْ مَّا يَشَاۗءُوْنَ فِيْهَا وَلَدَيْنَا مَزِيْدٌ ۝٣٥

(૩૫) તેમના માટે તેમાં તેઓ જે કાંઇ ચાહશે તે મોજૂદ હશે, અને અમારી પાસે તે કરતાંય વધારે છે.

وَكَمۡ اَهۡلَكۡنَا قَبۡلَهُمۡ مِّنۡ قَرۡنٍ هُمۡ اَشَدُّ مِنۡهُمۡ بَطۡشًا فَنَقَّبُوۡا فِى الۡبِلَادِ ؕ هَلۡ مِنۡ مَّحِيۡصٍ ۝٣٦

(૩૬) અને તેમની પહેલા અમે કેટલીએ પેઢીઓનો નાશ કરી ચૂક્યા છીએ કે જે તેમના કરતાં બળમાં ઘણી વધારે હતી, પછી તેમણે (મોતથી બચવા માટે) બધાય દેશો ફર્યા કે ક્યાંય બચવાની જગ્યા છે?

اِنَّ فِيْ ذٰلِكَ لَذِكْرٰى لِمَنْ كَانَ لَهٗ قَلْبٌ اَوْ اَلْقَى السَّمْعَ
وَهُوَ شَهِيْدٌ ﴿٣٧﴾

(૩૭) બેશક તેમાં તે શખ્સ માટે બોધ છે કે જેનું દિલ હોય છે અથવા ધ્યાન દઇ સાંભળે છે, અને વળી તે સાક્ષી પણ હોય છે.

وَلَقَدْ خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ ۖ
وَّمَا مَسَّنَا مِنْ لُّغُوْبٍ ﴿٣٨﴾

(૩૮) અને ખરેખર અમોએ આસમાનો તથા જમીન તથા તે બન્નેની વચ્ચે જે કાંઇ છે તે (સઘળું) છ દિવસમાં પેદા કર્યું છે, અને છતાં અમને કાંઇ પરિશ્રમ પડ્યો નહિ.

فَاصْبِرْ عَلَىٰ مَا يَقُولُونَ وَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ قَبْلَ طُلُوعِ الشَّمْسِ وَقَبْلَ الْغُرُوبِ ﴿٣٩﴾

(૩૯) માટે (અય રસૂલ !) તેઓ જે કાંઇ કહે છે તેને સહન કર, અને સૂર્યોદય તથા સૂર્યાસ્ત પહેલાં તારા પરવરદિગારના ગુણગાન ગાયા કર.

وَمِنَ اللَّيْلِ فَسَبِّحْهُ وَأَدْبَارَ السُّجُودِ ﴿٤٠﴾

(૪૦) અને રાત્રિના અમુક ભાગમાં તેની પવિત્રતા વર્ણવ્યા કર અને નમાઝો પછી પણ.

وَاسْتَمِعْ يَوْمَ يُنَادِ الْمُنَادِ مِن مَّكَانٍ قَرِيبٍ ﴿٤١﴾

(૪૧) અને કાન દઇને સાંભળ કે જે દિવસે એક પોકારનાર (ઇસરાફીલ) પાસેની જગ્યાએથી પોકાર કરશે (કે ઉઠો) :

يَّوۡمَ يَسۡمَعُوۡنَ الصَّيۡحَةَ بِالۡحَقِّ‌ ؕ ذٰلِكَ يَوۡمُ الۡخُرُوۡجِ ﴿۴۲﴾

(૪૨) જે દિવસે તેઓ ખરેખરો (બિહામણો) અવાજ સાંભળશે; એજ (કબરોમાંથી) નીકળવાનો દિવસ હશે.

اِنَّا نَحۡنُ نُحۡىٖ وَنُمِيۡتُ وَاِلَيۡنَا الۡمَصِيۡرُ ۙ‏ ﴿۴۳﴾

(૪૩) બેશક અમે જ સજીવન કરીએ છીએ અને અમેજ મૃત્યુ આપીએ છીએ, અને અમારી જ તરફ છેવટનું ફરવાનું છે :

يَوْمَ تَشَقَّقُ الْاَرْضُ عَنْهُمْ سِرَاعًا ؕ ذٰلِكَ حَشْرٌ عَلَيْنَا
يَسِيْرٌ ﴿۴۴﴾

(૪૪) જે દિવસે જમીન તેમના (શબ) પરથી ફાટી જશે ત્યારે તેઓ (હિસાબ માટે) જલ્દી આગળ આવશે; આ એક ભેગું કરવું અમારા માટે સહેલું છે.

نَحْنُ اَعْلَمُ بِمَا يَقُوْلُوْنَ وَمَآ اَنْتَ عَلَيْهِمْ بِجَبَّارٍ ۫ فَذَكِّرْ
بِالْقُرْاٰنِ مَنْ يَّخَافُ وَعِيْدِ ﴿۴۵﴾

(૪૫) (અય રસૂલ !) આ લોકો જે કાંઇ કહે છે તેનાથી અમે સારી રીતે વાકેફ છીએ, અને તું તેમના પર ઝબરદસ્તી કરનાર નથી; માટે મારી

ધમકીથી જે ડરે છે તેને તું કુરઆન સંભળાવી બોધ આપ્યા કર.

# سورة الذاريات / સૂરએ ઝારેયાત

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે ઘણો મહેરબાન (કૃપાળુ), બહુજ રહેમ (દયા) વાળો છે.

وَالذّٰرِيٰتِ ذَرۡوًا ۙ﴿۱﴾

(૧) કસમ છે તે વાયુઓની કે જે ધૂળને વિખેરવા જોગ વિખેરી નાખે છે :

فَالۡحٰمِلٰتِ وِقۡرًا ۙ﴿۲﴾

(૨) પછી કસમ છે તે વાદળાંઓની કે જે (વરસાદનો) ભાર ઊંચકનારાં છે :

فَالۡجٰرِيٰتِ يُسۡرًا ۙ﴿۳﴾

(૩) પછી કસમ છે તે વહાણોની કે જે સહેલાઇથી ચાલનારા છે :

فَالْمُقَسِّمٰتِ اَمْرًا ۟ۙ۴

(૪) પછી તે ફરિશ્તાઓની કે જે આજ્ઞાઓની વહેંચણી કરનારા છે :

اِنَّمَا تُوْعَدُوْنَ لَصَادِقٌ ۟ۙ۵

(૫) બેશક જે વસ્તુઓનો તમને વાયદો કરવામાં આવ્યો છે તે સાચો છેઃ

وَّاِنَّ الدِّيْنَ لَوَاقِعٌ ۟ؕ۶

(૬) અને ન્યાયનો દિવસ અવશ્ય ઉપસ્થિત થનાર છે.

وَالسَّمَآءِ ذَاتِ الۡحُبُكِ ۙ﴿۷﴾

(૭) અને કસમ છે માર્ગોવાળા આસમાનની :

اِنَّكُمۡ لَفِىۡ قَوۡلٍ مُّخۡتَلِفٍ ۙ﴿۸﴾

(૮) કે (અય મક્કાવાસીઓ !) બેશક તમે આપસમાં મતભેદવાળી વાતમાં પડ્યા છો :

يُّؤۡفَكُ عَنۡهُ مَنۡ اُفِكَ ؕ﴿۹﴾

(૯) જે બહેકી ગએલા છે તેજ તેનાથી બહેકી જાય છે.

قُتِلَ الۡخَـرّٰصُوۡنَ ۙ﴿۱۰﴾

(૧૦) ખોટુ બોલનારાઓ પર લાનત થાઓ:

الَّذِيۡنَ هُمۡ فِىۡ غَمۡرَةٍ سَاهُوۡنَ ۙ﴿۱۱﴾

(૧૧) જે (અજ્ઞાનતાના) વમળમાં ગાફીલ પડ્યા રહ્યા છે :

يَسْـَٔلُوْنَ اَيَّانَ يَوْمُ الدِّيْنِ ﴿١٢﴾

(૧૨) તેઓ પૂછે છે કે ફૈંસલાનો દિવસ ક્યારે આવશે ?

يَوْمَ هُمْ عَلَى النَّارِ يُفْتَنُوْنَ ﴿١٣﴾

(૧૩) (અય રસૂલ! તું કહે કે) તે દિવસ તે હશે કે જે દિવસે તેમને આગ ઉપર તપાવવામાં આવશે:

ذُوْقُوْا فِتْنَتَكُمْ ۭ هٰذَا الَّذِيْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ ﴿١٤﴾

(૧૪) (અને કહેવામાં આવશે) કે તમે તમારા અઝાબની મજા ચાખો, આ એજ (અઝાબ) છે જેની તમે ઉતાવળ કર્યા કરતા હતા.

إِنَّ الْمُتَّقِينَ فِي جَنَّاتٍ وَعُيُونٍ ﴿١٥﴾

(૧૫) બેશક પરહેઝગારો બાગો અને ઝરણાંમાં હશે :

آخِذِينَ مَا آتَاهُمْ رَبُّهُمْ ۚ إِنَّهُمْ كَانُوا قَبْلَ ذَٰلِكَ مُحْسِنِينَ ﴿١٦﴾

(૧૬) તેમના પરવરદિગારે તેમને જે કાંઇ આપ્યું હશે તે તેઓ (રાજી થઇ) લેતા હશે; બેશક તેઓ આ પૂર્વે (દુનિયામાં) સદાચારી હતા.

كَانُوا قَلِيلًا مِّنَ اللَّيْلِ مَا يَهْجَعُونَ ﴿١٧﴾

(૧૭) તેઓ રાત્રે ઓછું ઊંઘતા હતા.

وَبِالۡاَسۡحَارِ هُمۡ يَسۡتَغۡفِرُوۡنَ ⑱

(૧૮) અને પ્રભાતમાં ક્ષમા માંગ્યા કરતા હતા.

وَفِىۡۤ اَمۡوَالِهِمۡ حَقٌّ لِّلسَّآٮِٕلِ وَالۡمَحۡرُوۡمِ ⑲

(૧૯) અને તેમની સંપત્તિમાં માંગનારા અને મોહતાજોનો પણ ભાગ રહેતો હતો.

وَفِى الۡاَرۡضِ اٰيٰتٌ لِّلۡمُوۡقِنِيۡنَۙ ⑳

(૨૦) અને શ્રદ્ધાળુઓ માટે આ જમીનમાં (કુદરતની) નિશાનીઓ મોજૂદ છે :

وَفِىۡۤ اَنۡفُسِكُمۡ‌ ؕ اَفَلَا تُبۡصِرُوۡنَ ㉑

(૨૧) અને ખુદ તમારામાં પણ; છતાં તમને સૂઝતું નથી?

وَفِي السَّمَآءِ رِزْقُكُمْ وَمَا تُوعَدُونَ ﴿٢٢﴾

(૨૨) અને આસમાનમાં પણ તમારી રોઝી મોજૂદ છે, અને તે વસ્તુઓ કે જેનાથી તમને ડરાવવામાં આવે છે.

فَوَرَبِّ السَّمَآءِ وَالْأَرْضِ إِنَّهُ لَحَقٌّ مِّثْلَ مَآ أَنَّكُمْ تَنطِقُونَ ﴿٢٣﴾

(૨૩) માટે આસમાન તથા જમીનના પાલનહારની કસમ ! બેશક આ (કુરઆન) એવુંજ સત્ય છે જેમ તમે વાતો કરી રહ્યા છો.

هَلْ أَتَىٰكَ حَدِيثُ ضَيْفِ إِبْرَٰهِيمَ الْمُكْرَمِينَ ﴿٢٤﴾

(૨૪) ભલા તારી પાસે ઇબ્રાહીમના માનવંત મહેમાનોનો કિસ્સો પહોંચ્યો છે?

اِذْ دَخَلُوْا عَلَيْهِ فَقَالُوْا سَلٰمًا ؕ قَالَ سَلٰمٌ ۚ قَوْمٌ مُّنْكَرُوْنَ ﴿۲۵﴾

(૨૫) જે વખતે તે (ફરિશ્તા)ઓ તે (ઇબ્રાહીમ)ની પાસે દાખલ થયા અને સલામ કરી; (આથી) તેણે પણ સલામ કરી; અને (મનમાં બોલ્યો) આ લોકો અજાણ્યા લાગે છે.

فَرَاغَ اِلٰۤى اَهْلِهٖ فَجَآءَ بِعِجْلٍ سَمِيْنٍ ﴿۲۶﴾ۙ

(૨૬) પછી તે તરતજ પોતાના કુટુંબ પાસે ગયો, પછી ત્યાંથી એક મોટું (ભુંજેલું) વાછરડું લઇ આવ્યોઃ

فَقَرَّبَهٗۤ اِلَيۡهِمۡ قَالَ اَلَا تَاۡكُلُوۡنَ﴿۲۷﴾

(૨૭) પછી તે તેમની સામે ધર્યું, (અને તેમને ખાતા ન જોઇ) કહ્યું તમે કેમ ખાતા નથી ?

فَاَوۡجَسَ مِنۡهُمۡ خِيۡفَةً ‌ؕ قَالُوۡا لَا تَخَفۡ‌ ؕ وَبَشَّرُوۡهُ بِغُلٰمٍ عَلِيۡمٍ﴿۲۸﴾

(૨૮) પછી પોતાના મનમાં તેમનાથી ભય પામ્યો, તેમણે કહ્યું તું ભય ન પામ; અને તેમણે તેને એક જ્ઞાની પુત્રની ખુશખબર આપી.

فَاَقۡبَلَتِ امۡرَاَتُهٗ فِىۡ صَرَّةٍ فَصَكَّتۡ وَجۡهَهَا وَقَالَتۡ عَجُوۡزٌ عَقِيۡمٌ﴿۲۹﴾

(૨૯) ત્યારે (આ સાંભળી) તેની પત્ની (સારાહ) મોટેથી બોલતી બોલતી ત્યાં આવી પહોંચી, અને પોતાના મોંઢા પર હાથ મારી કહેવા લાગી કે એક વૃદ્ધા અને વંધ્યા (કેવી રીતે બાળક જણશે)!

قَالُوْا كَذٰلِكِ ۙ قَالَ رَبُّكِ ؕ اِنَّهٗ هُوَ الْحَكِیْمُ الْعَلِیْمُ ۝۳۰

(30) તેમણે કહ્યું, તારા પરવરદિગારે એવું જ ફરમાવ્યું છે; બેશક તે મહા હિકમતવાળો (અને) સર્વજ્ઞ છે.